प्रस्तावना.

जैनसंप्रदायना साधुसाध्वीओने अध्ययन कराववाना व्यवसायने लीधे श्रीमान् जम्बूगुरुविरचित जिनशतकनुं अध्ययन कराववानो प्रसंग मळतां एनी कठिनता, शब्दचमत्कृति अने श्लेष तथा यमकप्रधान काव्यरचना जोइने एनुं भाषान्तर करवानी मने स्वाभाविक इच्छा थइ. अने ते पूज्य साध्वीजी सौभाग्यश्रीना जाणवामां आवतां तेमणे छपाववानी प्रेरणा करवानुं उत्साहपूर्वक स्वीकार्युं, जेथी आ जिनशतकनुं भाषान्तर तैयार करी छपावी शकायुं छे. माटे आ भाषान्तरनी प्रथमावृत्तिनी प्रसिद्धि ते ए वंदनीय साध्वीजीना सदुपदेशनुं परिणाम होवाथी तेनो यश ते साध्वीजीने घटेछे.

आ जिनशतकना प्रणेता श्रीमान् जम्बूगुरु किया समयमां थया? एमणे केटला ग्रंथो कर्या? एमनी जन्मभूमि कयां? इत्यादि ग्रंथकर्तानुं वृत्तान्त जाणवा साह जैनसाहित्यमां प्रसिद्ध थयाता पंडितोने पत्रद्वारा पूछया छतां तेमना प्रत्युत्तरने अभावे ए विषयमां हुं केवळ अज्ञात रह्यो छु एटले दिलगीर छुं के कंइ जणावी शकतो नथी.

आ भाषान्तरमां प्रथम प्रत्येकश्लोकनी उपर ते श्लोकमां आवेला शब्द अने अर्थ आप्या छे, तेनी नीचे श्लोक, अर्थ, अने तात्पर्य, आ प्रमाणे क्रम छे. अर्थ बोध्याथी अन्वय करी शकाय ए उद्देशथी अन्वयने अनुसरतो अर्थ करवामां आव्योछे एटले बुद्धिमान् अभ्यासीने मूल श्लोकनो अन्वय करवानुं सुलभ थइ पडवा संभव छे. अन्वयानुरूप अर्थ करवाना आशयने सिद्ध करवानी लालसाने लीधे गुजराती भाषाने घटती वाक्यरचना न थइ शकी होय तो ते अपराध विद्वानो क्षमा करशे एवी प्रार्थना छे व्याकरणना नियमना प्रतिबंधपूर्वक अर्थ करवाथी वाचकना हृदयमां मूल श्लोकनो भाव यथावत् नहीं उतरी शके एम धारीने मूळना भावने अवलंबीने अर्थनी नीचे ज्यां जेटलु योग्य लाग्यु त्यां तेप्रमाणे तात्पर्य लख्युं छे. अप्रसिद्ध सामासिक शब्दोना समास अने पर्याय पण फूटनोटमां दर्शाव्या छे अने जे जे श्लोकोमां जे जे अलंकारो हता ते पण काव्यप्रकाश, कुवलयानन्दकारिका, वाग्भटालंकार, अने साहित्यदर्पणने आधारे जणाव्या छे. पण एक वरान आवी गएलो अलंकार फरीथी ज्यां आव्यो हशे त्यां सूचना मात्र करी छे

श्रीमान् जम्बूगुरु परम अलंकारप्रिय होय एम लागेछे कारणके आ शतकमां एमणे एवो तो कोइ श्लोक भाग्ये ज लख्यो हशे के जेमां कोइ ने कोइ अलंकार न होय एमनी कृतिमां शब्दालंकारना चमत्कृति सविशेष जोवामां आवेछे अने तेमां

एमनी निसर्गसिद्ध प्रतिभानुं सहृदय पुरुषोने पदे पदे दर्शन थया विना रहेतुं नथी. जिनसंप्रदायमा कविताकान्ताना सौभाग्य जेवा आवा समर्थ कविओनो परोक्ष परिचय थवाथी पण अपूर्व आनन्द थायछे.

श्रीमान् जम्बूगुरुनी अलंकारप्रियता, एमनी कवितामा कठिनता अने क्लिष्टताना कारणरूप थया छतां मिष्टतानो अने इष्टतात्पर्यना बोधनो नाश करती नथी ए ओछुं आश्चर्यजनक नथी।

आ शतकना लगभग बे परिच्छेदनुं भाषान्तर कर्या पछी एनी उपर **श्री सांब**-साधुनी रचेली **टीका** अने अन्य कोई विद्वाननी करेली **अवचूरिका** मने मळी आवता संदिग्धस्थले तेनी में सहाय लीधी छे तेथी तेना कर्त्ताओनो हुं उपकार मानुछुं.

साध्वीजी सौभाग्यश्रीजीना सदुपदेशथी आ ग्रंथनी आ प्रथमावृत्ति छपाववामां जेमणे द्रव्यनी सहाय करी छे तेमनी **नामावली** अंते प्रसिद्ध करवामां आवी छे.

जिनशासनना सांकेतिक शब्दोनी अनभिज्ञताथी, मारी बुद्धिनी मंदताथी, दृष्टि-दोषथी, अथवा अक्षरयोजकना प्रमादथी जो कइ अशुद्धता जोवामां आवे तो सहृदय विद्वानो सुधारीने वांचवानी कृपा करशे अने मने सूचना करशे एवी मारी सविनय प्रार्थना छे.

हवे अंतिम अभ्यर्थना ए छे के मूलश्लोकमा रहेली शब्दार्थ चमत्कृतिनो यश तेना कर्त्ताने छे, भाषान्तरमां मूलनो भाव जो यथावत् उपजावी शकायो होय तो ते मारा **परमपूज्य साहित्यव्याकरणाचार्य गुरुवर श्री चन्द्रधरना** यत्किंचित् कृपाकटाक्षनुं फळ छे, अने ज्यां दोष दृष्टिगोचर थतो होय त्यां मारी बुद्धिनी मंदतानुं परिणाम छे.

खंभात.
ता. १५-१-१९१४.

विद्वदनुचर,
कवि दयाशंकर रविशंकर.

अर्थ—अमारा जेवा समर्थो छतां जाणे कोई मालिक न होय तेनी पेठे आ सूर्य, पोताना उग्र तेजवडे त्रिलोकने शा माटे तपावे छे? आम धारीने उत्पन्न थएला क्रोधने लीधे अस्खलित पराक्रमथी सूर्यनो पराभव करवाने जाणे रातां देखातां अने प्रकाशित एवां जेना पादयुगममांथी नीकळेला नखमांथी प्रकट थएलां किरणो ऊंचे प्रसरेछे ते तीर्थंकर प्रभु तमारी लक्ष्मीने माटे हो.

(तात्पर्य—भगवान्‌ना चरणना नख राता अने स्वच्छ होवाथी तेमांथी प्रकाशनां किरणो नीकळेछे ते उपर ग्रन्थकार एवी कल्पना करेछे के-जाणे ए नख-मांथी नीकळता तेजना किरणो एम धारेछे के आ जगत्‌नुं रक्षण करवाने अमारा जेवा समर्थो छे ते छता आ सूर्य पोताना तीक्ष्ण किरणोथी जगत्‌ने शा माटे तपावतो हशे ? आवा विचारथी ए नखनां किरणोने क्रोध उत्पन्न थयो अने तेथी तेमणे पोताना पराक्रमथी सूर्यनो पराजय करवो धार्यो एटले ते जाणे रातां दीप्तिमान् देखायछे. एवां जेमना चरणना नखना किरणो छे ते प्रभु तमने लक्ष्मीवान् करो.)

आ श्लोकमां वाच्योत्प्रेक्षा नामनो अलंकार छे. कुवलयानन्दकारिका अथवा वाग्भटालंकार विगेरेमां एनुं लक्षण जोई लेवुं.

संसार=विश्व.	नखज=नखमांथी निकळेली.	समर्थाः=शक्तिवाळा.
अपार=मर्यादारहित.	मृजा=दीप्ति.	भर्तुं=पूर्ण करवाने.
नीरेश्वर=समुद्र.	अजीर्ण=नवीन.	तीर्थाधिपः=तीर्थपति.
गुरु=मोटुं.	रज्जू=दोरीने.	असौ=आ.
निरय=नरक.	यदीयाः=जेमना.	पृथु=विशाल.
अशर्म=दुःख.	पादाः=चरणो	दवथु=दुःख, रोग, चिंता.
पंकौघ=कादवनो समूह.	प्रासीसरन्तः=प्रसारे छे.	पथ=मार्ग.
मग्नान्=पडेला.	प्रकटितकरुणाः=कृपावाळा.	प्रस्थिति=प्रयाण, जवुं ते.
उद्धर्तुं=उद्धारवा माटे.	प्रार्थितार्थान्=इच्छित अभिलाषाओने.	वः=तमारुं.
सत्त्वसार्थान्=प्राणीओना समूहने.		रुणद्धु=अटकावो, रोको.
इव=जाणे.		

संसारापारनीरेश्वरगुरुनिरयाशर्मपङ्कौघमग्ना-
नुद्धर्तुं सत्त्वसार्थानिव नखजमृजाजीर्णरज्जूर्यदीयाः ।
पादाः प्रासीसरन्तः प्रकटितकरुणाः प्रार्थितार्थान् समर्था
भर्तुं तीर्थाधिपोऽसौ पृथुदवथु-पथ-प्रस्थितिं वो रुणद्धु ॥ २ ॥

अर्थ—संसाररूपी अपारसमुद्रमां रहेला महानरकना दुःखरूपी कादवना ओघमां पडेला प्राणिओना समूहने जाणे उद्धारवाने, मनोवाञ्छित पूर्ण करवाने समर्थ अने कृपावाळा एवा जे प्रभुना चरणो; नखमांथी उत्पन्न थती दीप्तिरूपी नवीन दोरीने पसारे छे, ते तीर्थाधिपति, तमारा महादुःखना मार्गनाशक थता प्रमाणनो अवरोध करो.

(तात्पर्य—भगवानना चरणना नखनी कान्ति, देखावे चरणना छिद्रोने लीधे जाणे नवीन दोरी होय एवी जणाय छे. अने तेथी ते कान्तिरूपी दोरीने, ए चरणो, संसारसमुद्रमां रहेला महानरकना दुःखरूपी कादवमां पडेला प्राणिओने उद्धारवाने माटे जाणे नाखी न होय एम जणाय छे. एवा जेमना चरणो दुःखोनुं छेदन करनारा थाओ छे ते प्रभु, तमारा दुःखना मार्गनाशक थता प्रमाणनो अवरोध-अटकाव करो.)

प्रोद्यत्=चळकती.	स्वकम्=पोताना	प्रमोदात्=हर्षथी.
दीप्र=तेजवाळी.	अधिकरुचिम्=विशेष-कान्तिवाळा.	यस्य=जेमना.
प्रभाढ्य=प्रभावाळा	बिभ्रत्=धारण करतो.	असौ=आ.
नखमय=चरणना नख.	अभ्रान्तचेताः=निःशंक मनवाळो.	श्रीजिनेन्द्रः=श्री तीर्थंकर
मुकुर=दर्पण.	पश्यन्=जोतो एवो	द्रुतम्=शीघ्र-सत्वर
क्रोड=मध्य	शीतांशुकान्तं=चंद्रमा जेवा रमणीय [करतो.	अतनु=विशाळ
संक्रान्तबिम्बं=प्रतिबिंब.	प्रणतिकरणतः=प्रणाम	तमस्=अज्ञानने
वक्त्रं=मुखने	न अहि	तानवम्=सूक्ष्मपणुं
वृषस्य=वृष लांछन है जेनो	व्यरंसीत्=विराम पाम्यो	नः=अमारा
शत्रुः=शत्रु-इन्द्र		तनोतु=विस्तारो-करो

प्रोद्यद्दीप्रप्रभाढ्यप्रनखमयमुकुरक्रोडसंक्रान्तबिम्बं
वक्त्रं वृषस्य शत्रुः स्वकमधिकरुचिं बिभ्रदभ्रान्तचेताः ।
पश्यञ्शीतांशुकान्तं प्रणतिकरणतो न व्यरंसीत्प्रमोदा-
द्यस्यासौ श्रीजिनेन्द्रो द्रुतमतनुतमस्तानवं नस्तनोतु ॥ २ ॥

अर्थ—निःशंक अंतःकरणवाळो वृषशत्रु-इन्द्र, जेमना अत्यंत प्रकाशवाळी कान्तिवाळा चरणना नखरूपी दर्पणना मध्यभागमां देखाता, अने विशेष दीप्तिने धारण करता पोताना चन्द्र जेवा रमणीय मुखने

जोइने हर्षथी प्रणाम करतां विराम पामतो नथी ते श्री जिनेन्द्र, तमारा अत्यंत अज्ञाननो सत्वर नाश करो.

(तात्पर्य—भगवानना चरणमां नमन करतां, इन्द्रना मुखनुं प्रतिबिम्ब प्रभुना दर्पण जेवा निर्मळ चरणनखमां पड्युं. ते जोइने इन्द्रने पोतानुं मुख हतुं ते करतां विशेष रम्य देखायुं एटले ते मुख जोवानी लालसाथी प्रणाम करतां विराम न पाम्यो. एवा जेमना चरणना नख छे ते प्रभु तमारा अतनु–अत्यंत तमस्–अज्ञाननुं तानवं–सूक्ष्मपणुं–न्यूनपणुं करो, अर्थात् तमारा घणा अज्ञाननो सत्वर नाश करो.)

मार्तण्डः=सूर्य.	रात्रौ=रात्रिए.	लक्ष्मीः=लक्ष्मी.
चण्डभावं=उग्रपणाने.	पुनः=वळी.	उद्विग्ना=खिन्न थएली.
दधत्=धारण करतो.	अलिपटलैः= भमराओ-	इयं=जाणे.
अहनि=दिवसे.	ना समूहवडे.	अपविघ्नं=उपद्रव रहित.
हिनस्ति=मारेछे.	आरटन्तीं=पुकार करती.	क्रमकजम्=चरणकमळ
अस्तदोषः=रात्रिनो नाश	रटद्भिः=शब्द करता.	तरफ.
करनारो, दोषनो नाश कर-	माम्=मने.	अगमत्=गई.
नारो.	अंभोजन्मधाम्नि= कम-	यस्य=जेमना.
अपि=पण.	लरूपी घरमां.	सः=ते.
पादैः=किरणोवडे. चरण-	स्थिततनुलतिकाम्=श-	अव्यात्=रक्षण करो.
वडे.	रीरमात्रथी रहेली.	जिनः=जिन–तीर्थंकर.
बध्नाति=बांधेछे.	एवम्=एप्रमाणे.	वः=तमारुं.
अह्नाय=सत्वर.	आलोच्य=विचारीने.	

मार्तण्डश्चण्डभावं दधदहनि हिनस्त्यस्तदोषोऽपि पादै-
र्बध्नात्यह्नाय रात्रौ पुनरलिपटलैरारटन्तीं रटद्भिः ।
मामम्भोजन्मधाम्नि स्थिततनुलतिकामेवमालोच्य लक्ष्मी-
रुद्विग्नेवापविघ्नं क्रमकजमगमद्यस्य सोऽव्याज्जिनो वः ॥ ४ ॥

अर्थ—उग्रपणाने धारण करतो, अने अस्तदोष–निर्दोष अथवा रात्रिनो अस्त करनारो एवो सूर्य, दिवसे पादैः–किरणोवडे (चरणवडे) मने मारेछे, अने कमळरूपी घरमां शरीरमात्रथी रहेली, तथा शब्दकरता भमरोना समूहद्वारा पुकार करती एवी मने रात्रिए सत्वर बांधी लेछे. आवो विचार करीने उद्वेग पामेली लक्ष्मी, जे भगवान्ना उपद्रव विनाना चरणकमळमां वसी छे ते प्रभु तमारुं रक्षण करो.

रक्तस्त्यक्तस्मरोऽपि प्रतिभयभयकृन्निर्भयत्वप्रदोऽपि
प्रायश्चित्तग्रहीता सततनिरतिचारोऽपि यत्पादपद्मः ।
वैकुण्ठाभ्यर्चितोऽपि प्रकटमपचितः पण्डितैः खण्डितांहा-
स्तन्यादन्याय्यवृत्तिव्ययमगुरुतां वः स निर्ग्रन्थनाथः ॥ ६ ॥

अर्थ—जे भगवान्ना चरणकमळ, कामनो त्याग करनारा छतां रक्तः–रागी छे. (राता छे) अभयपणाने आपनारा छतां प्रतिभयभयकृत्, भयंकर भय करनारा छे. (भयंकर भयनो नाश करनारा छे) निरन्तर ग्रहण करेला व्रतनुं परिपालन करनारा छतां प्रायश्चित्तग्रहीता–चित्त-शुद्धि करवानी इच्छावाळा छे. (प्रायः–घणुं करीने चित्तग्रहीता–चित्तनुं आकर्षण करनारा छे) इन्द्रे अथवा कृष्णे पूजेला छतां पण्डितोए प्रत्यक्षपणे अपचितः–हीनगणेला–दूर करेला छे. (पूजेला छे) अने पापनुं खण्डन करनारा छे, ते तपस्विओना स्वामी, तमारी अन्यायवाळी वृत्तिनो अभाव–नाश करीने तमारा महत्त्वनो विस्तार करो, तमारुं गौरव वधारो.

(तात्पर्य—जे प्रभुना पादपद्म, कामनो नाश करनारा, राता, निर्भयता आपनारा, भयङ्कर भयनो नाश करनारा, ग्रहण करेला व्रतनुं निरन्तर परिपालन करनारा, चित्तनुं आकर्षण करनारा, इन्द्रे अथवा कृष्णे पूजेला, पण्डितोए पण प्रत्यक्षपणे पूजेला, अने पापनो नाश करनारा छे ते प्रभु तमारी अन्यायवाळी वृत्तिनो नाश करीने तमारुं गौरव वधारो आ श्लोकमां श्लेषमूलक विरोधाभास नामनो अलङ्कार छे "रक्तः, प्रतिभयभयकृत्, प्रायश्चित्तग्रहीता, पण्डितैः अपचितः" ए शब्दो विरोधसूचक अने श्लेषवाळा छे अर्थमां प्रथम विरोध अने पछी तेनुं समाधान दर्शाव्युं छे विरोधाभास अलंकारनुं साहित्यदर्पणमां आ प्रमाणे लक्षण छे के– "विरुद्धमिव भासेत विरोधोऽसौ द०" विरोधनी पेठे जेनो भास थाय ते विरोधाभास")

स्वान्तारण्यम्=चित्त-रूपी वन.
शरण्याश्रयणम्=जेनो आश्रय,शरणे आवेलानुं रक्षण करवाने समर्थ छे एवुं.
इति=एटला माटे.
यत्=जे.
अध्यास्त=रहेतो हतो.
विध्वस्तशङ्कः=निःशंक, निर्भय.
तत्=ते.
धर्मध्यानधूमध्वज=धर्मध्यानरूपी अग्नि
जव=वेग.
जनित=उत्पन्न थएला.
अत्यंतसंतापतप्तम्=अत्यन्त संतापवडे तपेलुं.
सन्त्यज्य=तजीने.
असह्यदाहात्=सहन न थई शके एवा तापथी.
इव=जाणे.
चरणसरः=चरणरूपी सरोवर.
अशिश्रियत्=आश्रय कर्यो.
सत्सरोजम्=जेमां सारां कमळो छे एवुं अथवा जेमां सारा कमळनुं चिह्न छे एवुं.
यस्य=जेमना.
अतिप्रौढरागद्विरद=रागरूपी मोटो गजराज.
उरुरजः=मोटा पापकर्मने
सः=ते
अस्यतात्=दूर करो.
तीर्थपः=तीर्थंकर.
वः=तमारा.

स्वान्तारण्यं शरण्याश्रयणमिति यदध्यास्त विध्वस्तशङ्क-
स्तद्धर्मध्यानधूमध्वजजवजनितात्यन्तसन्तापतप्तम् ।
सन्त्यज्यासह्यदाहादिव चरणसरोऽशिश्रियत्सत्सरोजं
यस्यातिप्रौढरागद्विरद उरुरजः सोऽस्यतात्तीर्थपो वः ॥ ७ ॥

अर्थ—जे भगवान्‌ना चित्तरूपी अरण्यने, शरणागतोनुं रक्षण करवाने समर्थ आश्रयरूप धारीने, रागरूपी मोटो गजराज निःशंक थईने तेमां रहेतो हतो. (पण) ते चित्तरूपी अरण्य, धर्मध्यानरूपी अग्निना वेगथी उत्पन्न थएला अत्यन्त तापवडे तप्त थएलु होवाथी असह्य दाह थवाने लीधे तेनो त्याग करीने ते रागरूपी गजराजे, जेमा सारा कमळो छे एवा अथवा जेमां सारा कमळनु चिह्न छे एवा (भगवान्‌ना) चरणरूपी सरोवरनो आश्रय कर्यो. ते तीर्थाधिपति तमारा मोटा पापकर्मने दूर करो.

(तात्पर्य—जेमनु हृदय वीतराग-रागरहित छे अने चरण सराग-राता छे ते प्रभु तमारा मोटा पापकर्मनो नाश करो आ आशय छे आ श्लोकमा 'राग' शब्दमां श्लेष छे राग एटले प्रेम अने रताश हाथी अरण्यमां रहे छे, पण ज्यारे त्यां एने ताप लागे छे त्यारे दाह न सहन थई शकवाथी शान्ति मेळववा सारु जेमां कमळो होय एवा सरोवरनो आश्रय करे छे. हाथीनो आवो स्वभाव होय छे, ते

छे, त्यारे शुं आ भगवच्चरण, ते पृथ्वी उपर नीचा नमेलां कल्पवृक्षो हशे ! वृक्षने शाखा, पल्लव, मञ्जरी, अने फल होय छे, चरणमां पण ते जणाय छे. आंगळीओ ते शाखाओ छे, राता वर्णनी आंगळीओ ते पल्लव छे, नखनी झगझगाट दीप्ति ते मञ्जरीओ छे, अने फल पण आपे छे. आ प्रमाणे जे वृक्षमां होय छे ते चरणमां पण छे, अने विशेषमां अभिलषित पूर्ण करवानुं सामर्थ्य छे माटे कल्पवृक्ष छे. मञ्जरीओ विगेरे वृक्षनी उपरना भागमां होय छे, पण अहीं नखनी दीप्तिरूपी मञ्जरीओ नीचे जणाय छे माटे आ अधोमुख कल्पवृक्ष छे. एवो विद्वानो जेमना चरणने वंदन करे छे ते प्रभु तमने आनन्द आपो. आ श्लोकमां सन्देह नामनो अलंकार छे. साहित्यदर्पणमां एनुं आ प्रमाणे लक्षण छे के–'सन्देहः प्रकृतेऽन्यस्य संशयः प्रतिभोत्थितः' मूल विषयमां कविनी प्रतिभामांथी प्रकट थएलो संशय ते सन्देह.)

क्षोणीं=पृथ्वीने.
क्षान्त्या=क्षमावडे.
आक्षिपन्तः=अनादर करनारा.
क्षणिक=क्षणवार
रतिकर=प्रीति उपजावनारा.
स्त्रीकटाक्षाक्षताक्षाः=स्त्रीओना कटाक्षोथी जेमनी इन्द्रियो हणाइ नथी एवा.
मोक्षक्षेत्राभिकाङ्क्षाः=मुक्तिना स्थाननी अभिलाषावाळा.
क्षपित=क्षय कर्यों छे.
शुभशत=सैंकडो शुभ(प्रसंग)नो जेणे एवा.
अक्षेमविक्षेपदक्षाः=अकल्याणनो नाश करवामां चतुर
अक्षोभाः=निर्भय
क्षीण=नष्ट थया छे.
रूक्षाक्षर=कठोर अक्षरो जेमां एवो.
पटुवचनाः=मधुर वाणीवाळा
भिक्षवः=यतिओ
मङ्क्षु=सत्वर.
अलक्ष्मीम्=प्रमादरूपी अविद्याने.
साक्षात्=प्रत्यक्ष.
वीक्ष्य=जोइने.
क्षिपन्ति=परित्याग करे छे, त्यजे छे.
क्षपयतु=विनाश करो.
स=ते.
जिनः=तीर्थंकर.
क्षय्यपक्षम्=शत्रुपक्षनो.
यदङ्घ्री=जेमना चरणने.

क्षोणीं क्षान्त्या क्षिपन्तः क्षणिकरतिकरस्त्रीकटाक्षाक्षताक्षा
मोक्षक्षेत्राभिकाङ्क्षाः क्षपितशुभशताक्षेमविक्षेपदक्षाः ।
अक्षोभाः क्षीणरूक्षाक्षरपटुवचना भिक्षवो मङ्क्ष्वलक्ष्मीं
साक्षाद्वीक्ष्य क्षिपन्ति क्षपयतु स जिनः क्षय्यपक्षं यदङ्घ्री ॥ ९ ॥

अर्थ—पृथ्वी, सर्वसहा एटले सर्वने सहन करनारी होवाथी परम क्षमावाळी छे तोपण जेमने पोतानी क्षमावडे पृथ्वीनो पण अनादर कर्यो छे [illegible] छे एवा.

क्षणवार सुख उत्पन्न करनारा एवा स्त्रीओना कटाक्षोवडे जेमनां नेत्र आकर्षायां नथी अथवा जेमनी इन्द्रियो हणाइ नथी एवा, मुक्तिना स्थाननी अभिलाषा राखनारा, सेंकडो शुभप्रसंगोनो क्षय करनारा अकल्याणनो नाश करवामां कुशल, निर्भय, अने कठोर अक्षरो जेमांथी नष्ट थइ गया छे एवां उत्तम वचनो जेमनां छे एवा भिक्षुओ जेमनां चरणने साक्षात् जोइने सत्त्वर प्रमादरूप अविद्यानो त्याग करेछे एवा प्रभु शत्रुपक्षनो नाश करो.

(तात्पर्य—परम क्षमावाळा, जितेन्द्रिय, मोक्षनी अभिलाषावाळा, कल्याण करनारा, भयरहित अने मधुरवाणीवाळा एवा यतिओ जेमनां चरणनुं साक्षात् दर्शन करीने सत्त्वर अविद्यानो परित्याग करे छे ते तीर्थंकर प्रभु (तमारा) शत्रुपक्षनो नाश करो.

आ श्लोकमां 'क्ष'नी वारंवार आवृत्ति थएली होवाथी वृत्त्यनुप्रास नामनो शब्दालंकार छे. एनुं लक्षण पाछळ लख्युं छे.)

(श्रीजिन चरणपद्ममां शब्दार्थ.)

तन्वाना=विस्तारनारा.
धि=नहीं.
नते=नम्रप्राणीने विषे.
अपश्रियम्=शुभावह दैवने, कल्याणकारक भाग्यसंपत्तिने.
अहित=विरुद्ध.
वृषोत्कर्षे=धर्मनो उदय
मोषिप्रतापाः=नाश करे एवा प्रतापवाळा
कामं=अतिशय.
कौ=पृथ्वीमां
मोदकीनाशा=हर्षनो नाशकरनारा एवा, यम जेवा.
रणदारणदा=संग्राममां दारुण आपनारा.
नीरजोदाररसाराः=जेवी कमळोमां होयछे तेवी उत्तम रसाळ जेमां छे एवा
सदा=सर्वकाळ
प्रगुणगुणाः=उत्तम तेजवडे गुण
सदसि=सभामां
धृतमुदः=जेमणे आनन्द करायो छे एवा
यत्क्रमाः=जेमना चरणो.
चक्रिणः=कृष्ण-वासुदेव.
धाः=पेठे.
भ्राजन्ते=शोभेछे.
भ्राजिताशाः=प्रणयिजनना मनोरथने पूर्ण करनारा.
सुखम्=सुख
अखिलं=समस्त.
भर्ता=आ.
श्रीजिनः=श्रीतीर्थंकर
प नमने.
विधेयात्=करो

मुदः—(मन्दकनामना) उत्तम सत्त्ववडे जेमणे आनन्द कर्यो छे एवा, अने भ्राजिताशाः—दिशाओने दीप्तिमान् करनारा एवा कृष्णनी पेठे शोभे छे ते प्रभु तमने समग्र सुख आपो.

(तात्पर्य—आ श्लोकमां श्लेष नामनो अलंकार छे. मम्मटे काव्यप्रकाशमां एनुं लक्षण आ प्रमाणे लख्युं छे के—श्लेषः स वाक्ये एकस्मिन् यत्रानेकार्थता भवेत् । एक वाक्यमां ज्यां एक करतां अधिक अर्थपणुं रह्युं होय त्यां श्लेष.)

यत्पादौ=जेमनुं चरणयुग्म.
पादपौ=वृक्षयुग्म बे वृक्ष.
वा=पेठे. (वा, विकल्पना अर्थमां वपराय छे पण अहीं 'इव' ना अर्थमां छे.)
शुचिरोच=निर्मल दीप्ति.
निचित=व्याप्त.
अम्भोजपुञ्ज=कमळनो समूह.
आलवालौ=क्यारो.
स्वःसद्=देव.
मूर्धाधिरूढ=मस्तक उपर धारण कीधेला.
उद्भट=उत्तम, श्रेष्ठ.
मुकुटकुटैः=मुकुटरूपी घडाओवडे.
निर्यदंशूदभारैः=किरणोरूपी पाणीनो प्रवाह जेमांथी नीकळे छे एवा.
संसिक्तौ=सिंचायेला.
शोणरत्नप्रतिम=माणेकना जेवी.
नखरुचः=नखनी कान्तिने.
सत्प्रवालायलीवत्=उत्तम प्रवालनी अथवा नवीन पल्लवनी पेठे.
धत्तः=धारण करे छे
शुद्धिम्=कर्म मल प्रक्षालनरूप शुद्धिने.
विधेयात्=करो.
अधिकम्=जेम विशेष थाय तेम.
अधिपतिः=स्वामी.
श्रीजिनानाम्=श्री जिनोना.
असौ=आ.
वः=तमारी.

यत्पादौ पादपौ वा शुचिरुचिनिचिताम्भोजपुञ्जालवालौ
स्वःसन्मूर्धाधिरूढोद्भटमुकुटकुटैर्निर्यदंशूदभारैः ।
संसिक्तौ शोणरत्नप्रतिमनखरुचः सत्प्रवालावलीव-
द्धत्तः शुद्धिं विधेयादधिकमधिपतिः श्रीजिनानामसौ वः ॥ ११ ॥

अर्थ—निर्मल दीप्तिवडे व्याप्त एवा कमलोना समूहरूपी क्यारावाळा, किरणोरूपी पाणीनो प्रवाह जेमांथी नीकळे छे एवा अने देवोना मस्तक उपर रहेला उत्तम मुकुटरूपी घडाओवडे सिंचाएला, एवा वृक्षना जेवा जे प्रभुना चरणो उत्तम पल्लवनी पेठे माणेकना जेवी नखनी कान्तिने धारण करे छे ते जिनाधिपति तमारी कर्ममलप्रक्षालनरूप शुद्धि करो.

योग्य एवा जे प्रभुना चरणरूपी मेघ, विजळीना प्रकाशने जीती ले एवी दीप्तिवडे आकाशने प्रकाशवाळुं करीने, अने उगता सूर्यना जेवा दुर्भेद्य पापने आच्छादित करीने सारा संयमरूपी बगीचाने पुष्ट करेछे. ते जिनपति तमारा अत्यन्त निंद्यवायोग्य एवा अज्ञाननो सत्वर नाश करो.

(तात्पर्य—मेघ जेम इन्द्रनो पूजेलो—मानेलो छे, नदीओनुं उत्पत्तिस्थान छे, विजळीवडे आकाशने दीप्तिवडुं करे छे, सूर्यने ढांकी दे छे, बाग बगीचाओने खीलावे छे-पुष्ट करे छे. तेम जे प्रभुना चरणरूपी मेघ पण इन्द्रना पूजेला छे. विद्याओरूपी नदीओना प्रथम उत्पत्तिस्थानरूप छे, विजळीना प्रकाशनो पराभव करे एवी दीप्तिवडे आकाशने तेजोमय करे छे, दुःखे करीने दूर करी शकाय एवां पापने ढांकी दे छे, उत्तम संयमरूपी बगीचाने पुष्ट करे छे, अने वंदनीय पुरुषोने वन्दन करवा योग्य छे ते जिनपति, तमारी अत्यन्त निन्द्य एवी अविद्यानुं खण्डन करो.

आ श्लोकमां "द "नी वारंवार आवृत्ति थएली होवाथी वृत्त्यनुप्रास नामनो शब्दालंकार छे.)

निर्वाणापूर्वदेश=मोक्षरूपी अपूर्व देश तरफ.
प्रगमकृतधियां=जवाने-साद करी छे बुद्धि जे-मणे एवा.
शुद्धबुद्धध्वगानां=शुद्ध छे बुद्धि जेमनी एवा मुसाफरोने
मार्गोचिख्यासया=मार्ग कहेवानी इच्छा वडे.
एषा=आ.
त्रिभुवनविभुना=त्रिलोकना पति एवा भगवाने.
प्रेषिता=मोकली.
किंनु=शुं.
लोकैः=लोकोए.
आलोक्य=जोइने.
आरेकिता=शंकित,शंका करेली.
एवं=एप्रमाणे.
चरणनखभवा=चरणना नखमांथी उत्पन्न थएली.
यः=तमारी
विभा=प्रभा.
आविर्भवन्ती=उंचे जती.
यस्य=जेमनी.
श्रेयांसि=कल्याणने.
स=ते.
श्रीजिनपतिः=श्रीतीर्थंकर.
अपतिः=जेनो कोइ पति नथी एवा.
पाप्मभाजाम्=पापीओना.
विदध्यात्=करो.

निर्वाणापूर्वदेशप्रगमकृतधियां शुद्धबुद्धध्वगानां

मार्गोचिख्यासयैषा त्रिभुवनविभुना प्रेषिता किं नु लोकैः ।

आलोक्यारेकितैवं चरणनखभवा वो विभाविर्भवन्ती

यस्य श्रेयांसि स श्रीजिनपतिरपतिः पाप्मभाजां विदध्यात् ॥ १३ ॥

योग्य एवा जे प्रभुना चरणरूपी मेघ, विजळीना प्रकाशने जीती ले एवी दीप्तिवडे आकाशने प्रकाशवाळुं करीने, अने उगता सूर्यना जेवा दुर्भेद्य पापने आच्छादित करीने सारा संयमरूपी बगीचाने पुष्ट करेछे, ते जिनपति तमारा अत्यन्त निंदवायोग्य एवा अज्ञाननो सत्वर नाश करो.

(तात्पर्य—मेघ जेम इन्द्रनो पूजेलो-मानेलो छे, नदीओनुं उत्पत्तिस्थान छे, विजळीवडे आकाशने दीप्तिवाळुं करे छे, सूर्यने ढांकी दे छे, बाग बगीचाओने खीलावे छे-पुष्ट करे छे. तेम जे प्रभुना चरणरूपी मेघ पण इन्द्रना पूजेला छे. विद्याओरूपी नदीओना प्रथम उत्पत्तिस्थानरूप छे, विजळीना प्रकाशनो पराभव करे एवी दीप्तिवडे आकाशने तेजोमय करे छे, दुःखे करीने दूर करी शकाय एवां पापने ढांकी दे छे, उत्तम संयमरूपी बगीचाने पुष्ट करे छे, अने वंदनीय पुरुषोने वन्दन करवा योग्य छे ते जिनपति, तमारी अत्यन्त निन्द्य एवी अविद्यानुं खण्डन करो.

आ श्लोकमां "व"नी वारंवार आवृत्ति थएली होवाथी वृत्त्यनुप्रास नामनो शब्दालंकार छे.)

निर्वाणापूर्वदेश=मोक्षरूपी अपूर्व देश तरफ.
प्रगमकृतधियां=जवाने-साद करी छे बुद्धि जे-मणे एवा.
शुद्धबुद्ध्यध्वगानां=शुद्ध छे बुद्धि जेमनी एवा मुसाफरोने
मार्गाचिख्यासया=मार्ग कहेवानी इच्छा वडे
एषा=आ
त्रिभुवनविभुना-त्रिलोकना पति एवा भगवाने.
प्रेषिता=मोकली
किं नु=शुं.
लोकैः=लोकोए.
आलोक्य=जोइने.
आरेकिता=शंकित, शंका कोधी.
एवं=एप्रमाणे.
चरणनखभवा-चरणना नखमांथी उत्पन्न थएली
य. नमां थी
विभा=प्रभा.
आविर्भवन्ती=थंवे छती.
यस्य=जेमनी.
श्रेयांसि=कल्याणने.
स=ते.
श्रीजिनपतिः=श्रीतीर्थंकर.
अपतिः=जेमनो कोई पति नथी एवा
पाप्मभाजाम् पापीओना
विद्रव्यात् करो

निर्वाणापूर्वदेशप्रगमकृतधियां शुद्धबुद्ध्यध्वगानां
मार्गाचिख्यासयैषा त्रिभुवनविभुना प्रेषिता किं नु लोकैः ।
आलोक्यारेकितैवं चरणनखभवा यो विभाविर्भवन्ती
यस्य श्रेयांसि स श्रीजिनपतिरपतिः पाप्मभाजां विद्रव्यात् ॥ १३ ॥

शोभामम्भोरुहाणामपहरति करोत्युद्वयं कौशिकस्या-
 नुष्णैः पुष्णाति पादैः कुमुदमसुमतां नोपतापाय दृष्टः ।
प्राज्याजेयप्रतापं सततमिनतया युक्तमप्यन्यरूपं
 युग्मं यत्पादयोः स्तात्स भवदविभवाभावकृत्तीर्थनाथः ॥ १४ ॥

अर्थ—जेमना चरणनुं युग्म, निरन्तर सूर्यपणावडे युक्त छे तो पण सूर्यपणावडे युक्त न होय एवुं जणायछे. कारणके सूर्य कमळोनी शोभानुं हरण करतो नथी, कौशिकस्य—घूवडने हर्ष करावतो नथी, शीतल किरणोवडे पोयणानुं पोषण करतो नथी अने प्राणिओनी दृष्टिने ताप उत्पन्न करेछे अने प्रभुना चरणनुं युग्म (पोतानी शोभावडे) कमळोनी शोभानो नाश करेछे. कौशिकस्य—इन्द्रने आनन्द आपेछे. शीतल—सुखकारक, पादैः—चरणोवडे पृथ्वीना आनन्दनुं पोषण करेछे अने प्राणिओनी दृष्टिने शान्त करेछे. एवुं अत्यंत अने जीताय नहीं एवा प्रतापवाळुं जेमना चरणनुं युग्म, निरन्तर इनतया—सूर्यपणा वडे युक्त छतां अन्यरूप छे एटले सूर्यपणाथी युक्त नथी ते तीर्थपति प्रभु तमने ऐश्वर्ययुक्त करनारा हो.

(तात्पर्य—आ श्लोकमां भगवानना चरणना युग्मने इनतया-सूर्यपणावडे युक्त कहीने सूर्यपणाथी रहित कह्युं छे ए विरोध छे तेनो परिहार ए प्रमाणे छे के भगवच्चरणयुग्म इनतया-प्रभुतावडे युक्त छे अने अन्यरूपम्-असाधारण रूपवाळुं छे

कौशिक, पाद, कुमुद, इनता, अने अन्यरूप ए शब्दोमां श्लेष छे. सूर्यपक्षना पक्षमां कौशिक—घूवड पाद—किरण कुमुद पोयणुं अन्यरूप [illegible] एवो अर्थ करवो. अने प्रभुताना पक्षमां कौशिक—इन्द्र पाद—चरण कुमुद—पृथ्वीनो आनन्द अने अन्यरूप—असाधारण रूपवाळुं एवो अर्थ करवो. इनता—नो [illegible] अर्थ एकपक्षे सूर्यपणुं अने बीजा पक्षे प्रभुता एवो करवो ।

कृत्वा=करीने.
अधः=नीचे.
पादयोः=चरणनी.
माम्=मने.
निरतिशय=अत्यंत.
शमश्री=उपशमलक्ष्मी.
समालिङ्गिताङ्गः=आलिंगित छे अंग जेनुं एवा.
स्वस्थः=सुखपूर्वक.
तिष्ठति=रहेछे.
अनिष्टः=द्वेषरहित. जेना द्वेष गया छे एवा.
कथम्=शामाटे, केम
अयम्=आ.
अधुना=हमणां.
इति=एप्रमाणे.
इव=जेवे
संचिन्त्य=विचारीने
गृधा=फेंकेली.
ऊर्ध्वम्=उंचे.
बाणावलिः=बाणोनी पंक्ति बाणावली.
वा=जेवे
मृदुहृदयभिदे=कोमल हृदय भेदवाने माटे.
भाति=शोभेछे
रागेण=कामदेवे अथवा, रतादी
गाढम्=अत्यन्त.
यस्य=जेना.
प्रेङ्खत्करालीद्युतिः=हालती अथवा नखनी कान्ति.
अतनुरतिम्=घणी प्रीति
रातु=आपो
स=ते
श्रीजिनः=श्रीतीर्थंकर
वः=तमने.

कृत्वाधः पादयोर्मां निरतिशयशमश्रीसमालिङ्गिताङ्गः
स्वस्थस्तिष्ठत्यनिष्टः कथमयमधुनेतीव संचिन्त्य गृधा ।
ऊर्ध्वं बाणावलिर्वा मृदुहृदयभिदे भाति रागेण गाढं
यस्य प्रेङ्खत्करालीद्युतिरतनुरतिं रातु स श्रीजिनो वः ॥ १६ ॥

अर्थ—मने पगनी नीचे करीने—राखीने, अत्यन्त एवी उपशमरूपी लक्ष्मीवडे आलिंगित छे अंग जेनुं एवा आ प्रभु, द्वेषरहित थईने हमणां शामाटे सुखपूर्वक रहेछे ! एवु विचारीने जाणे कामदेवे कोमल अन्तःकरण विंधवाने माटे, उंचे फेंकेली बाणावली होय एवी, जेमना नखनी पंक्तिनी हालती कान्ति अत्यन्त शोभेछे ते प्रभु, तमने घणी प्रीति आपो.

(भावार्थ—प्रभुना [illegible] [illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]

अहीं 'राग' शब्दमां श्लेष छे, एक पक्षमां राग-रताश अने बीजा पक्षमां राग=काम. आखा श्लोकनुं रहस्य एछेके जेमनुं हृदय वीतराग-रागरहित छे अने चरणतल रागयुक्त छे-रातां छे ते प्रभु तमने अत्यन्त प्रेम आपो. अर्थात् ते प्रभुना प्रेमनुं पात्र तमे थाओ.)

चारु=अविरुद्ध
आचार=आचरण.
उक्ति=प्रतिपादन
शुभ्र=प्रसिद्ध.
प्रवचन=आगम-सिद्धान्त.
चतुर=कुशल
आचार्यचक्रस्य आचार्योना समूहनी.
चञ्चत्=शोभतो.
न=नहीं
उच्यैत=कही शकाय
अचण्डरोचिः-चन्द्र.

रुचि=दीप्ति.
रुचिर=तेजस्वी.
रुचि=कान्ति.
यस्य=जेमना.
वाचाम्=वाणीना.
प्रपञ्चैः=विस्तारवडे.
उच्चैः=अत्यन्त.
चर्च्यमाणः=सर्वत्र विस्तार पामतो.
चरणगुणचयः=चरणना गुणनो समूह
चारुचित्र=इन्द्र विगेरे.

अर्चित=पूजेली.
अर्चा=मूर्ति.
चेतःशौचम्=मननी शुद्धिने.
चिनोतु=वधारो.
उचितम्=योग्य.
अचलम्=स्थिर.
असौ=आ.
चारुचेष्टः=रमणीय चेष्टावाळा.
जिनः=तीर्थंकर.
वः=तमारा

चार्वाचारोक्तिशुभ्रप्रवचनचतुराचार्यचक्रस्य चञ्च-
च्चोद्यैश्चाचण्डरोची रुचिरुचिररुचिर्यस्य वाचां प्रपञ्चैः ।
उच्चैश्चर्च्यमाणश्चरणगुणचयश्चारुचित्रार्चितार्च-
श्चेतःशौचं चिनोतूचितमचलमसौ चारुचेष्टो जिनो वः ॥ १७ ॥

अर्थ—चन्द्रनी दीप्तिना जेवी जेनी प्रकाशित कान्ति छे एवो, शोभतो, अने आम तेम सर्वत्र अत्यन्त विस्तार पामतो जेमना चरणना गुणनो समूह, अविरुद्ध आचारनुं प्रतिपादन करवाथी प्रसिद्ध एवा प्रवचनमां प्रवीण एवा आचार्योना समूहनी वाणीना विस्तारवडे कही शकातो नथी एवा, इन्द्रादि देवोए जेमनी मूर्तिनुं पूजन कर्युं छे अने जेमनी रमणीय चेष्टा छे ते तीर्थंकर, योग्य अने स्थिर एवी तमारा मननी शुद्धिने वधारो.

(आ श्लोकमां [illegible] छे, [illegible] छे.)

पद्भ्याम्=चरणवडे.
भूभृद्गुरुभ्यां=पर्वत जेवा भारे, अथवा राजाओए पूजेला तेथी गौरववाळा.
भ्रमति=भमे छे.
भृशम्=अत्यन्त.
अभीः=भयरहित निर्भय.
भ्रंशयन्=नमावी देतो.
हेलया=अनादरवडे.
अयं=आ.
कः=कोण.
असन्मूर्धोद्धृतां=अमारा मस्तक उपर धारण करेली.

गाम्=पृथ्वीने.
इति=एटला माटे.
फणिसमितेः=सर्पोना-समूहना.
सक्रुधः=क्रोधपामेला
क्रोधवह्नेः क्रोधरूपी अग्निनी.
ज्वाला=ज्वाळा. देवतानी झाळ.
निर्यान्ती=नीकळती
अधस्तात्=नीचेथी पाताळने भेदीने
किमिति=शुं.
सुजनता=सारा पुरुषोनी मंडळी.

शङ्कते=शंका करेछे.
लोकयन्ती=जोती.
भव्यान्=मुक्तियोग्य पुरुषोने
अव्यात्=बचावो, पाळो.
भयेभ्यः=भयथी.
निखिलनखरुचः=समस्तनखनी कान्तिवाळो
यस्य=जेमना.
योगीश्वरः=संयम धारने आणमारा योगिओना ईश्वर.
असौ=आ.

पद्भ्यां भूभृद्गुरुभ्यां भ्रमति भृशमभीर्भ्रंशयन् हेलयायं
कोऽस्मन्मूर्धोद्धृतां गामिति फणिसमितेः सक्रुधः क्रोधवह्नेः ।
ज्वाला निर्यान्त्यधस्तात्किमिति सुजनता शङ्कते लोकयन्ती
भव्यानव्याद्भयेभ्यो निखिलनखरुचो यस्य योगीश्वरोऽसौ ॥१८॥

अर्थ—पर्वतना जेवा भारे अथवा राजाओए पूजेला होवाथी गौरववाळा एवा चरणवडे, अमे मस्तक उपर धारण करेली आ पृथ्वीने अनादरपूर्वक नमावी देतो अने अत्यन्त निर्भय एवो आ कोण भमेछे' एम धारीने क्रोध पामेला सर्पसमूहना क्रोधाग्निनी पाताळने भेदीने नीकळती आते शु ज्वाळा छे' एवी जेमना समस्त नखनी दीप्तिने जोनारी सत्पुरुषोनी मंडळी शंका करे छे ते योगिओना ईश्वर तीर्थंकर भव्यजीवोने भयथी बचावो'

(तात्पर्य—[illegible] ते उत्तम प्रसरे छे ते उपर [illegible] अथवा राजाओए पूजेला होवाथी [illegible]

धारण करनारा सर्पमंडळने क्रोध उत्पन्न थयो, अने ते क्रोधना अग्निनी ज्वाळा भूतलने भेदीने जाणे बहार नीकळी न होय एवी जेमना चरणना नखनी दीप्तिने जोईने सज्जनो शंका करे छे ते योगीश्वर प्रभु, भव्य जीवोने भयथी बचावो.)

प्रख्यातात्=प्रसिद्ध

अच्युतश्रीवरवसतितया=नष्ट न थाय एवी शोभानी उत्तम स्थितिवडे, अथवा विष्णु अने लक्ष्मीना श्रेष्ठ निवासवडे

अशेषकान्त्योपगूढात्=परिपूर्णदीप्तिवडे युक्त, अथवा.

शेषकान्त्योपगूढात्=शेष नागनी कान्तिवडे युक्त.

सन्मीनात्=सारा मत्स्यना लाञ्छनवाळा अथवा जेमां मत्स्य छे एवा.

क्षीरनीरेश्वरतः=क्षीरसमुद्रमांथी

इव=पेठे

यदङ्घ्र्योर्युगात् जेना चरणना युग्ममांथी

निर्गता=नीकळेली

भा=प्रभा

वेला इव वेलेव=समुद्रनी भरतीनी पेठे

प्लावयन्ती=व्याप्तथती डुबावती

नखमणिकिरणोन्मिश्रिता=मणिजेवा नखनां किरणोवडे मिश्र थएली

श्रीमदब्जश्रेणीम्=चरणतलमां चिह्नरूपे रहेली कमलोनी पंक्तिने.

विश्वंभरावत्=पृथ्वीनी पेठे.

भवदनभिमतम्=आपना अनिष्टने

तीर्थपः=तीर्थपति-प्रभु.

असौ=आ.

भिनत्तु=भेदी नाखो-दूर करो

प्रख्यातादच्युतश्रीवरवसतितया शेषकान्त्योपगूढा-
त्सन्मीनात्क्षीरनीरेश्वरत इव यदङ्घ्र्योर्युगान्निर्गता भा ।
वेलेव प्लावयन्ती नखमणिकिरणोन्मिश्रिता श्रीमदब्ज-
श्रेणीं विश्वम्भरावद्भवदनभिमतं तीर्थपोऽसौ भिनत्तु ॥ १९ ॥

अर्थ—विष्णु अने लक्ष्मीना श्रेष्ठ निवासवडे प्रसिद्ध, शेषनागनी कान्तिवडे युक्त, अने जेमा सारा मत्स्य आदि जळचर प्राणिओ छे एवा क्षीरसमुद्रमांथी नीकळती-थती भरती जेम पृथ्वीने डुबावा देछे अर्थात् पृथ्वी उपर व्याप्त थइ जाय छे तेम नष्ट न थाय एवी शोभानी उत्तम स्थितिवडे प्रसिद्ध, परिपूर्ण दीप्तिवडे युक्त, अने सारा मत्स्यना चिह्नवाळा जेमना चरणना युग्ममांथी नीकळती, अने मणि जेवा नखनां किरणोवडे मिश्र थयेली प्रभा, चरणतलमां चिह्नरूपे रहेली कमळोनी पंक्तिने डुबावी देछे अर्थात् चरणमां चिह्नरूपे जणाती कमळोनी पंक्ति उपर प्रसरी रहे छे. ते तीर्थपति प्रभु, तमारा अनिष्टने भेदी नाखो.

(तात्पर्य—आ श्लोकमा अच्युतथीवरयसतितया, दोषकान्त्योपगूढात् अने सन्मीनात्, ए त्रण विशेषणो, क्षीरसमुद्रने अने भगवान्ना चरणयुग्मने ए बेने लागे छे. क्षीरसमुद्रपक्षमा, अच्युतथीवरयसतितया-एनो अर्थ, विष्णु अने लक्ष्मीनी उत्तम स्थिति होवाथी प्रसिद्ध, दोषकान्त्योपगूढात्-एनो अर्थ दोषनागनी कान्तिवडे युक्त, अने सन्मीनात्-एनो अर्थ जेमां सारां मत्स्य आदि जलचर प्राणिओ छे एवो करवो अने भगवान्ना चरणयुग्मना पक्षमां, अच्युतथीवरयसतितया एनो अर्थ नष्ट न थाय एवी शोभानी सारी स्थितिवडे, अदोषकान्त्योपगूढात्-एनो अर्थ परिपूर्णदीप्तिवडे युक्त, अने सन्मीनात्,-एनो अर्थ सारा मत्स्यना चिह्नवाळ्य, आ प्रमाणे करवो प्रत्यातादच्युतथीवरयसतितया दोषकान्त्योपगूढात्, आ पादमांथी भगवान्ना चरण युग्मना पक्षमां अर्थ करवो होय त्यारे "अदोषकान्त्योपगूढात्" एवु पद वहाडवु अने क्षीरसमुद्रना पक्षमां अर्थ करवो होय त्यारे "दोषकान्त्योपगूढात्" एवु पद वहाडवुं)

मा=नहीं.

पतन्=पडो.

तस्यभावात्=तपश्चरणना अभावथी–तपना अभावथी.

कलिकलिलभराक्रान्तम्=कलहरूपी पापना समूहवडे व्याप्त, अथवा दु:खरूपी पापना समूहवडे व्याप्त

…न्त-अतिशय

…्-आ

…लापारपङ्के नरकरूपी अपार कादवने विषे.

त्रिभुवनभवनम्-त्रिलोकरूपी घर

द्राक्=शीघ्र सत्वर

इतीव=ए प्रमाणे जाणे.

अयथार्थ-नहीं करीने, विचारीने

त्वष्टा-ब्रह्मा, विधाता.

अवष्टम्भनार्थम् टेको देवामाटे अथवा आधार आपवा माटे

प्रचुरभरसहौ पुष्कळ भार उपाडी शके एवा

निर्मिमाते-कर्या छे. बनाव्या छे

यदङ्घ्री-जेमना चरण.

घनस्तम्भौ इव=घनना थंभ होय एवा, घनना थांभला जेवा.

असौ=आ

निखिलसुखखनीः–सकळ सुखनी खाण, सर्व प्रकारना सुखनो भंडार.

विधत्ताम्=करो

यतीन्द्रः=यतिओमां इन्द्र जेवा प्रभु

…तत्यभावात्कलिकलिलभराक्रान्तमत्यन्तमेत-
…नालापारपङ्के त्रिभुवनभवनं द्रागितीवावधार्य ।
…ष्टम्भनार्थं प्रचुरभरसहौ निर्मिमाते यदङ्घ्री
…स्तम्भाविवामी निखिलसुखखनीर्वो विधत्तां यतीन्द्रः ॥२०॥

सद्भूत्याहृतिमन्त्रः सति धननिधने व्यक्तवर्णत्वतो वः
सिद्धाध्वन्यध्वनीनानवतु स मुनिपः पादपद्मो यदीयः ॥२१॥

अर्थ—जेमनुं चरणकमल, सारा चक्रवडे युक्त होवाथी, विषम एवा स्वर्ग अने मोक्षना मार्गमां रथ जेवुं छे, छायावडे (कान्तिवडे) युक्त होवाथी, वेगवाळा पापरूपी सूर्यवडे तप्त थएला प्राणिओने उत्तम वृक्ष जेवुं छे. (चरणकमळनो) उज्वलता आदि वर्ण स्पष्ट होवाथी (अक्षरो स्पष्ट होवाथी) धननो नाश थये सते, सारा ऐश्वर्यने बोलाववाना मंत्र जेवुं छे. ते मुनिओनुं रक्षण करनारा अथवा मुनिओना स्वामी एवा प्रभु, तमारुं सिद्धिना मार्गमां मुसाफरी करनाराओनुं रक्षण करो.

(तात्पर्य—स्वर्ग अने मोक्षना विषम मार्गमां भगवाननुं चरणकमळ, रथ जेवुं छे, जेम रथ सारा चक्र-पैडावाळो होय छे तेम चरणकमळ सारा चक्रना चिह्नवाळुं छे. वेगपूर्वक वृद्धि पामता पापरूपी सूर्यथी तपी गएला प्राणिओने ए प्रभुनुं पादपद्म, सारा वृक्ष जेवुं छे. सारुं वृक्ष जेम छायावाळुं होय छे. तेम पादपंकज पण छायावाळा एटले कान्तिवाळा छे धननो नाश थया छतां, भगवच्चरणारविन्द, उत्तम विभूतिनुं-ऐश्वर्यनुं आवाहन करवाना मंत्र जेवा छे मंत्र जेम स्पष्टवर्ण-अक्षरवाळा होय छे. तेम चरणारविन्द पण स्पष्ट वर्ण-उज्ज्वलतावाळा छे. आप्रमाणे रथ जेवा, वृक्ष जेवा अने मंत्र जेवा जेमना चरणकमळ छे ते प्रभु तमने सिद्धिना मार्गमां प्रवास करनाओने बचावो.

पादपद्म-अहीं 'पद्म शब्द' पुंलिंग छे सामान्यरीते 'पद्म' शब्दनुं नपुंसकलिंग प्रसिद्ध छे पण ए शब्द विकल्पे पुंलिंग पण छे. " वा पुंसि पद्मं-अमरकोश.)

यत्पादैः=जेमना चरणो-
वडे
पारिजातश्रियमहिम
हिमा=पारिजातनाम-
ना देववृक्षनो महिमा
हानिम्-हीनताने
आनीयते-पमाडाय छे.
पमाडाय छे
अहि मृगासुर.
मूलतूस्य शत्रु
आयाय्या (आ-इ-यु)
मर्यादायुक्त अथवा
निर्दोष एवी मोह-
जिनानी.
योषाः=स्त्रीओ.
प्रमदभरनमन्मस्तकव्य-
स्तदाम. हर्षवडे न
मेला मस्तक उपरथी
खसी गएली माळाओ
वाळी
द्राक्, सत्वर
मुग्ध करीथी
सूपयद्रि सोभाडता
अथवा शणगारता एवा
दुर्निवर्त्यिनखरच्छटा
रोकर्णपूरं निर्मळ
कान्तिवाळा नखनी
दीप्तिरूपी मंजरीओ-
वडे करेला कर्णपूरवडे
कानमां पहेरवाना
आभूषणवडे.
पापाकूपारपारिप्लवन-
णपटूनाम् पापरूपी
समुद्रना जळमां तर-
वाना सामर्थ्यने
तीर्थंकृत्-तीर्थंकर
य तमने, तमारुं.
दध्यात्-करो

यत्पादैः पारिजातक्षितिरुहमहिमा हानिमानीयतेऽहि-
भ्रातृव्यायाप्ययोपाः प्रमदभरनमन्मस्तकस्रस्तदाम्नः ।
द्राग

२२ ॥

माळाओवाळी
धृत्रासुरना शत्रु इन्द्रनी मर्यादावाळी अथवा दोषविनानी स्त्रीओने, निर्मळकान्तिवाळा नखनी दीप्तिरूपी मञ्जरीओवडे करेला कर्णना आभूषणोवडे सत्वर फरीथी शणगारला एवा जेमना चरणोए, पारिजातनामना देववृक्षनो महिमा क्षीण करी नाख्यो छे एवा तीर्थंकर प्रभु, तमने पापरूपी समुद्रना जळमां तरवाना सामर्थ्यवाळा करो.

(तात्पर्य—जेमना चरणोए, कल्पवृक्षनो महिमा क्षीण करी देवायछे. कारणके मस्तकमां पुष्पना हार पहेरीने हर्षपूर्वक नमन करती देवांगनाओने, ए चरणो, पोताना निर्मळ नखनी कान्तिना कर्णपूरवडे फरीथी शणगारेछे एटले देवांगनाओए कल्पवृक्षना पुष्पना हार मस्तकमां पहेर्यां छे तो पण भगवान्ना नखनी कान्तिरूपी कर्णपूर धारण करवानी अपेक्षा रहेछे तेथी कल्पवृक्षनो महिमा क्षीण थाय ए स्वाभाविक छे. माटे कवि कहेछे के जेमना चरणो कल्पवृक्षना महिमाने हानि करनाराछे ते प्रभु, तमने पापरूपी समुद्रना जळमांथी तरवाना सामर्थ्यवाळा करो.

आ श्लोकनो आशय ए छे के इन्द्रनी अप्सराओ हर्षवडे जेमना चरणमां प्रणाम करेछे अने ते वखते जेमना चरणना नखनी कान्तिवडे ते अप्सराओनुं मुख तेजस्वी अने रमणीय देखायछे ते प्रभु तमारी पापबुद्धि न थाय एम करो.)

सर्वोर्वीभृत्=समस्त राजाओ
प्रवर्ह=श्रेष्ठ-प्रधान.
प्रणतिपरशिरःश्रेणि-चूडामणि=प्रणाम करता मस्तकोना समूहना
चूडामणि=मुकुटमणि.
शुम्भन्दोहार्द्रि=दीप्ति-समूहवडे युक्त तेज-पुञ्जवडे युक्त
उदर्चिर्दम=ओपवाळुं.

नखमयूखोल्लसत्केसराणि=नखना किरणोरूपी जेमां मकरन्द समूह शोभे छे एवुं.
यदन्यकुद्वयमपरम्=सुन्दर आंगळीओरूपी पत्रवाळुं
सकमलम्=कमळवडे युक्त, लक्ष्मीवडे युक्त.
अमलं=निर्मळ.
पादयुग्मम्=चरणनुं युग्म.
यदीयम्=जेमनुं.

भाति=शोभेछे.
आदित्योग्रमिश्रम्(आदित्य-उग्र-मिश्रम्) सूर्यना किरणोवडे युक्त.
नलिनम्=कमळ.
इव=पेठे.
सः=ते.
वः=तमारा
अघघम्=पापने.
अर्हन्=तीर्थंकर.
हिनस्तु=नाश करो.

सर्वोर्वीभृत्प्रवर्हप्रणतिपरशिरःश्रेणिचूडामणिद्यु-
त्सन्दोहालीढमृढम्रदिमनखमयूखोल्लसत्केसरालि ।
पल्लवद्रुल्यप्रपत्रं सकमलममलं पादयुग्मं यदीयं
मात्यादित्योस्रमिश्रं नलिनमिव स वोऽवद्यमर्हन् हिनस्तु ॥२३॥

अर्थ—सर्व राजाओमां श्रेष्ठ एवा चक्रवर्ती जेवाओनां प्रणाम करवाने तत्पर एवां मस्तकोना मुकुटमणिओनी दीप्तिना समूहवडे युक्त, कोमळताने धारण करनारुं, नखनां किरणोरूपी जेमां मकरन्द समूह शोभेछे एवुं, सुन्दर आंगळीओरूपी पत्रवाळुं, लक्ष्मी–शोभावडे युक्त, अने निर्मळ एवुं जेमना चरणनुं युग्म, सूर्यनां किरणो जेमां मिश्र थयां छे एवुं अर्थात् विकसित थएलुं, मृदुतायुक्त, नखनां किरणो जेवा परागवडे युक्त, सुन्दर आंगळीओ जेवां पत्रवाळुं, अने जलसहित एटले पाणिमां रहेलुं जेम कमळ शोभे तेम शोभेछे ते प्रभु, तमारा पापनो नाश करो.

प्राज्य=मजबूत.
प्रौढ=बळवान्.
प्रमादप्रतिभट=प्रमादरूपी शत्रु
निधनप्रामर्दीप्रप्रतापान्=नाश करवायी प्राप्त कर्यो छे उग्र प्रताप जेणे एवा.
प्रोद्वैः=अत्यन्त
प्रीतिं=प्रेमने
प्रयान्ति=पामेछे

प्रतिकलम्=दरेक पळे.
अमलान्=निर्मळ.
प्राणिनः=प्राणिओ.
प्रेक्षमाणाः=जोनारा
प्रभाप्रान्तप्रसादान्=आप्योछे अपार आनन्द जेणे एवा
प्रणमदसुमतां=प्रणाम करनारा जीवोने,
यत्क्रमान् जेमना चरणोने

सत्प्रणम्यान्=सज्जनोने प्रणाम करवा योग्य.
प्राणिप्राणप्रियाणि=प्राणिओने जे प्राण जेवुं प्रिय होय ते समस्त.
प्रवितरतु=आपो.
जिनः=तीर्थंकर
स=ते
प्रशान्तप्रयासम्=श्रम न पडे एवी रीते

प्राज्यप्रौढप्रमादप्रतिभटनिधनप्रामर्दीप्रप्रतापा-
न्प्रोचैः प्रीतिं प्रयान्ति प्रतिकलममलान् प्राणिनः प्रेक्षमाणाः ।
प्रत्ताप्रान्तप्रसादान् प्रणमदसुमतां यत्क्रमान्सत्प्रणम्या-
न्प्राणिप्राणप्रियाणि प्रवितरतु जिनः स प्रशान्तप्रयासम् ॥२

अर्थ—अत्यन्त बलवान् प्रमादरूपी शत्रुनो नाश करवाथी प्राप्त कर्यो छे उग्र प्रताप जेणे एवा, निर्मळ, प्रणाम करनारा प्राणिओने आप्यो छे अत्यन्त आनन्द जेणे एवा अर्थात् अत्यन्त आनंद आपनारा, अने सत्पुरुषोने प्रणाम करवा योग्य एवा जेमना चरणोने, जोनारा माणसो प्रत्येक पळे अत्यन्त प्रेमने पामेछे एटले प्रसन्न थायछे ते प्रभु, प्राणिओने जे प्राण जेवी प्रिय वस्तुओ होय ते, प्रयास न पडे एवी रीते आपो.

(आ श्लोकमां वृत्त्यनुप्रास नामनो शब्दालंकार छे. लक्षण पाछळ आप्युं छे.)

उज्जृम्भाम्भोजगर्भश्रितम्=विकसित कमळना मध्यभागमां रहेलुं.
इति=एटला माटे.
परमेष्ठीयते=ब्रह्मानी पेठे आचरण करेछे. ब्रह्मानुं अनुकरण करेछे.
निष्ठितार्थम्=जेना समस्त हेतुओ सिद्ध थया छे एवुं.
त्रैलोक्यत्रासहृत्या=त्रिलोकना त्रासनो नाश करनारी एवी.
नरकरिपुतया=नरकनी शत्रुतावडे, अथवा नरक नामना दैत्यनी साथे शत्रुतावडे.
अनन्तमूर्तीयते=कृष्णना जेवुं आचरण करेछे.
वः=तमने, तमारा.
सद्भूतिभ्राजितत्वात्=सारा ऐश्वर्यवडे शोभवापणुं होवाथी अथवा सारी भस्मवडे शोभवापणुं होवाथी.
वृषभगतितया=वृषभना जेवी गति होवाथी, अथवा वृषभवडे गति करता होवाथी.
अद्रिजेशायते=शंकरना जेवुं आचरण करेछे.
यत्पादाम्भोजं=जेमनां चरणकमळ.
सः=ते.
सद्यः=तत्काल.
भवतु=हो, थाओ.
भवभयाभोगभित्=संसारथी थता भयना विस्तारनो नाश करनारा.
केवलीशः=भगवान्.

उज्जृम्भाम्भोजगर्भश्रितमिति परमेष्ठीयते निष्ठितार्थ-
त्रैलोक्यत्रासहृत्या नरकरिपुतयानन्तमूर्तीयते वः ।
सद्भूतिभ्राजितत्वाद्वृषभगतितया चाद्रिजेशायते य-
त्पादाम्भोजं स सद्यो भवतु भवभयाभोगभित्केवलीशः॥२५॥

अर्थ—जेना समस्त हेतुओ सिद्ध थया छे एवां जे प्रभुनां चरण-

१ केवलीशः—सर्वद्रव्यपर्यायग्राहकमप्रतिहत ज्ञानं केवलं तद्वतामीशः केवलीशो जिनः.

कमळ, प्रफुल्लित पद्मना मध्यभागमां स्थिति करनारां होवाथी ब्रह्माना जेवुं आचरण करेछे. त्रिलोकना त्रासनो नाश करनारी एवी नरकनी शत्रुतावडे विष्णुना जेवुं आचरण करेछे. अने सारी भूति–ऐश्वर्यवडे शोभवापणुं होवाथी तथा वृषभवडे गति होवाथी शंकरनुं आचरण करेछे ते प्रभु, संसारथी थता भयना विस्तारनो नाश करनारा हो.

(तात्पर्य—आ श्लोकमां तीर्थंकरना चरणने ब्रह्मा, विष्णु, अने शंकर ए त्रणेना जेवां आचरण करनारा बताव्या छे. ब्रह्मा विकसित कमळमां रहेछे अने चरण पण प्रफुल्लित पद्मपुष्पना मध्यभागमां रहेछे माटे चरण ब्रह्मा जेवा छे. विष्णुए नरक नामना दैत्यनो नाश कर्यो तेथी त्रिलोकना त्रासनो नाश करनारी नरक नामना दैत्य साथेनी शत्रुतावडे विष्णु प्रसिद्ध छे. चरण पण त्रिलोकना त्रासनो नाश करनारी नरक–दुर्गति साथेनी शत्रुतावडे प्रसिद्ध छे माटे चरण विष्णु जेवा छे. शंकर सारी भस्मवडे शोभेछे अने वृषभवडे एटले नन्दीवडे गमन करेछे–नन्दी उपर बेसेछे, चरण पण सारा ऐश्वर्यवडे शोभेछे अने वृषभ–नन्दीना जेवी गतिवाळा छे अथवा वृषभ–धर्मपूर्वक चालनारा छे माटे शंकर जेवा छे. आ प्रमाणे ब्रह्मा विष्णु अने शंकर ए त्रणेना जेवा आचरणवाळा जेमना चरणकमळ छे ते प्रभु तमारी, संसारथी थती भीतिनी वृद्धिना नाशकरनारा थाओ.)

इति श्रीजम्बूकविविरचिते जिनशतके जिनपादवर्णनं नाम प्रथमः परिच्छेदः ।

॥ जिनहस्तवर्णनम् ॥

कोपालेऽपि=मंदारवडे परिपूर्ण. अथवा पद्मगंधवडे युक्त.
अपि=पण.
द्रढिम्ना=स्थिरतावडे. अथवा कठिनता वडे.
विरहितमहिमनि=जेनो महिमा परित्यक्त थयोछे एवा.
उत्कटे=तीव्र.
कण्टकैः=कांटाओवडे, शत्रुओवडे.
मे=मारा.
सक्ते=बंधाएला, व्याप्त.
व्यक्तम्=स्पष्ट.
जडौघैः=मूर्खोना समूहवडे अथवा 'ड' अने 'ल' नुं ऐक्य होवाथी,
जलौघैः=जळना समूहवडे.
सुचिरम्=घणा समय सुधी.
अनुचितम्=अयोग्य.
सद्रजसि=जेमां रजोगुण छे एवा. अथवा सारो मकरन्द जेमां छे एवा.
अत्र=अहीं.
वस्तुम्=निवास करवाने.
पद्मम्=कमळने.
पद्मा=लक्ष्मी.
स्वसद्म=पोतानुं घर.
इति=आ प्रमाणे.
उदितविपद्=जेमां दुःख उत्पन्न थयेलुं छे एवुं.
इव=जाणे.
प्रोज्झ्य=तजी दईने.
यत्र=जेमां.
अनुलिल्ये=लीन थइ.
छेका=चतुर, डाही.
दानच्छलेन=सांवत्सरिक महादानने निमित्ते.
त्रिजगदधिपतेः=त्रण जगत्‌ना पालक तीर्थंकरनो.
वः=तमने.
पुनीतात्=पवित्र करो.
स हस्तः=ते हाथ.

कोपालेऽपि द्रढिम्ना विरहितमहिमन्युत्कटे कण्टकैर्मे
सक्ते व्यक्तं जडौघैः सुचिरमनुचितं सद्रजस्यत्र वस्तुम् ।
पद्मं पद्मा स्वसद्मेत्युदितविपदिव प्रोज्झ्य यत्रानुलिल्ये
छेका दानच्छलेन त्रिजगदधिपतेर्वः पुनीतात्स हस्तः ॥ १ ॥

अर्थ—मंदारवडे परिपूर्ण छतां स्थिरतावडे जेनो महिमा परित्यक्त थयोछे एवा एटले स्थिरता रहित—अस्थिर, शत्रुओवडे उग्र, मूर्खोना समूहवडे स्पष्ट घेराएला, अने रजोयुक्त एवा आ घरमां घणा काळ सुधी रहेवानुं योग्य नथी एम धारीने जेमां दुःख उत्पन्न थयाछे एवा पोताना निवासस्थानरूप कमळनो त्याग करीने चतुर एवी लक्ष्मी, सांवत्सरिक महादानने निमित्ते जेमां लीन थई गई छे एवो त्रिभुवनना पालक तीर्थंकरनो हाथ, तमने पवित्र करो.

तात्पर्य—भगवान् जे सांवत्सरिक महादान करेछे ते एवुं के हाथमां हमेशां लक्ष्मी वास करती होय तो ज थइ शके, पण हमेशां लक्ष्मी तो कमळमांज रहा करेछे ते भगवान्‌ना हाथमां शा माटे रहे ! कमळमां कंइ प्रतिकूलता देखे तो हाथमां रहे माटे कवि लक्ष्मीना कायमना निवासरूप कमळमां दोष आरोपण करेछे अने ते एवी रीते के कमळना स्वाभाविक विशेषणोमांथी दोषनो भाव पण नीकळी शके. जेमके कमळ, कोशादय-बंधमां रहेला गर्भवडे युक्त छे. दडनावडे महिमारहित छे एटले मृदुता युक्त छे. कण्टकोवडे उग्र, एटले कांटावाळुं. 'ड' अने 'ल' नुं ऐक्य होवाथी 'जडौघैः' ने स्थाने 'जलौघैः' करता जळना समूहवडे स्पष्ट युक्त छे. अने सारा रज-मकरन्दवाळुं छे. आ विशेषणोमां दोषारोपण करता भाव एवो नीकळेछे के कोशाढ्य-भंडारवडे परिपूर्ण छतां दृढता-स्थिरता रहित, कण्टक-शत्रुओवडे उग्र, मूर्खोना मंडळवडे स्पष्ट घेराएल, अने रजोगुणवाळा आ निवासस्थानरूप कमळमां बहु काळसुधी रहेवुं अयोग्य छे एम धारीने चतुर लक्ष्मीए दानने निमित्ते प्रभुना जे हाथमां स्थिति करी छे ते, प्रभुनो हाथ तमने पवित्र करो)

प्रध्वस्त=नाश कर्युं छे.
अशर्म=दुःख.
धर्मप्रणयनविधये=ध- र्मप्रतिपादन करवाना प्रकारनेसारु.
व्यापृतः=गुंथाएलो-रोका- एलो.
प्राणिपूगान्=देवविगेरे लोकोना समूहने
कालव्यालावलुप्तां -का- ळरूपी सर्पथी पकडा- एली.
प्रति=तरफ

समवसृतौ=समवसर- णमां.
भ्रान्तिम्=भ्रांतिने.
अन्तः तनोति=विस्तमां करेछे.
यः=जे.
संहर्तुम्=दूरकरवाने.
विपार्तिम्=विपत्नी पी- डाने.
किम्-अथम्-शु. आ.
इह-अहीं.
चलति चालेछे

एवं=ए प्रमाणे.
आखण्डलस्य=इन्द्रना.
ख्यातं=प्रसिद्ध.
सौख्यम्=सुख.
सः=ते.
दत्तां=आपो.
जिनवृषभनरेन्द्रस्य= तीर्थंकररूपी विषेशनो अथवा भगवान्‌नो.
पाणिः-हाथ
द्रुतं शीघ्र.
वः-तमने.

प्रध्वस्ताशर्मधर्मप्रणयनविधये व्यापृतः प्राणिपूगा-
न्कालव्यालावलुप्तां प्रति समवसृतौ भ्रान्तिमन्तस्तनोति ।
यः संहर्तुं विपार्तिं किमयमिह चलत्यंत्रमाखण्डलस्य
ख्यातं सौख्यं स दत्तां जिनवृषभनरेन्द्रस्य

अर्थ—समवसरणमां. (आवेला) देव वि

कमलरूपी गर्वने पकडनार जणाती (मानी) जिननी पीडानो नाश करवाने शक्त शुं आ करेछे ! वळी जे हाथ इन्द्रना चित्तमां शंका उत्पन्न करेछे, ते दुःखने नाश करनार एवा धर्मनुं प्रतिपादन करवाना प्रकारमां रोकाएलो, तीर्थंकररूपी विषवैद्यनो हाथ तमने प्रसिद्ध एवुं सुख आपो.

(तात्पर्य—समवसरणमां भगवान् देशना देछे (उपदेश करेछे) ते वखते सांभळवाने एकठा थएला देवादिकने उद्देशीने भगवान् पोताना हाथने ऊंचो करीने आमतेम हलावेछे, ते उपर कवि कल्पना करेछे के समवसरणमां भेगो मळेलो देव विगेरेनो समुदाय भवरूपी सर्पना दंशथी दुःखी थाय तो तेने चडेला विषनो नाश करवा सारु जाणे तीर्थंकररूपी विष उतारनारा वैद्यनो आ हाथ करेछे के हुं एवी जे हाथने जोइने इन्द्रने शंका थायछे ते प्रभुनो हाथ तमने जे प्रसिद्ध होय ते सुख आपो.)

भाभिः=प्रभावडे.
यः=जे.
अम्भोजशोभाम्=कमळनी शोभाने.
अभिभवति=जीतेछे.
भृशम्=अत्यन्त.
बिभ्रत्=धारण करतो.
उद्भूतभव्यम्=जेमां कल्याणनो प्रादुर्भाव छे एवा
भूपाभावम्=अलंकारपणाने.
समायाः=सभाना.
भवभवभयभित्=संसारथी उत्पन्न थएला भयनो नाश करनार.
भूरिभीभारभाजाम्=अत्यन्त भयना भारने वेठनाराओना.
भर्तुर्भद्रस्य=कल्याणना पोषकनो.
पाणिः=हाथ.
त्रिभुवनभवनोद्भासनोद्भूतभूतेः=त्रिभुवनरूपी भवनने प्रकाशित करवाथी जेनी विभूति प्रकट थई छे एवा.
भूयात्=हो.
भूत्यै=प्रादुर्भावने माटे. अभ्युदयने माटे.
स=ते.
भूतेः=लक्ष्मीना.
ऋभुविभु=(ऋभवो देवास्तेषां विभुरिन्द्रः) इन्द्र.
विभवाधीशः=कुबेर.
भूभर्तृ=राजा
ऋभुविभुविभवाधीशभूभर्तृभाजः=इन्द्र कुबेर अने राजाओ संबंधिनी.

भाभिर्योऽम्भोजशोभामभिभवति भृशं बिभ्रदुद्भूतभव्यं
भूपाभावं समाया भवभवभयभिद्भूरिभीभारभाजाम् ।
भर्तुर्भद्रस्य पाणिस्त्रिभुवनभवनोद्भासनोद्भूतभूते-
र्भूयाद्भूत्यै स भूतेर्ऋभुविभुविभवाधीशभूभर्तृभाजः ॥ ३ ॥

अर्थ—त्रिभुवनरूपी भवनने (घरने) प्रकाशित करवावडे जेनी विभूति प्रकट थइ छे एवा, अने कल्याणना पोषक एवा प्रभुनो, अत्यन्त भयना भारने वेठनाराओना संसारथी उत्पन्न थता भयनो नाश करनारो, अने जेमां कल्याणनो प्रादुर्भाव छे एवा सभाना अलंकारपणाने धारण करतो जे हाथ अतिशय प्रभावडे कमळनी शोभाने जीतेछे ते हाथ, इन्द्र कुबेर अने राजाओने सेवनारी लक्ष्मीना अभ्युदयने माटे हो.

कल्पान्ते=युगने अन्ते.
अनल्पभासः=अत्यन्त कान्तिवाळा.
प्रलयम्=विनाश अथवा (प्रकृष्टोलयो मोक्षस्तम्) उत्तम मोक्षने.
असुमताम्=प्राणिओना.
यूयम्=तमे.
उच्चैः=अत्यन्त
विघातं=विनाशने.
कृत्वा=करीने.
आयुर्गोत्रनाम्नाम् अपि=आवरदा वंश अने नामनो अथवा आयुकर्म, गोत्रकर्म, अने नामकर्म वि. नो पण.
कुरुत=करोछो.
किल=नक्की.
द्वादश=बार
एकत्वमेत्य=एकपणाने पामीने, एक थइ जइने
नित्यम्=हमेशां, निरन्तर.
पञ्च=अपि=पांच छतां पण.
कुर्मः=करिए छीए
वयम्=अमे.
इति=एटला माटे.
हसितार्काः=सूर्यने हसता होय एवा.
इव=जाणे.
उद्भान्ति=दीपेछे.
भासा=तेजवडे.
प्रशस्तौ=व्याख्याने विषे.
यत्करांः=जेमना हाथना नख.
स्तात्=हो.
स=ते.
शिवशतकरः=सेंकडो प्रकारनुं कल्याण करनार.
अर्हत्करः=भगवानतो हाथ.
प्रोल्लसन्=शोभतो.
वः=तमारुं.

कल्पान्तेऽनल्पभासः प्रलयमसुमतां यूयमुच्चैर्विघातं
कृत्वायुर्गोत्रनाम्नामपि कुरुत किल द्वादशैकत्वमेत्य ।
नित्यं पञ्चापि कुर्मो वयमिति हसितार्का इवोद्भान्ति भासा
प्रशस्तौ यत्कराः स्तात्स शिवशतकरोऽर्हत्करः प्रोल्लसन्वः ॥ ४ ॥

अर्थ— अत्यन्त तेजवाळा तमे बार (सूर्य) एकपणाने पामीने-एक थइ जइने, युगना अन्तमा आवरदा, वश, अने नामनो पण अत्यन्त नाश करीने प्राणिओनो निरन्तर प्रलय-विनाश करोछो.

(भगवान्‌ना हाथना नख) पोते हीए तेवा आयुकर्म, गोत्रकर्म, नाम-कर्म, अने बीजा पण वेदनीयादि कर्मोनो नाश करीने प्राणिओनो प्रलय—उत्तम मोक्ष करीए छीए एटला माटे सूर्यनुं जाणे उपहास करता होय एवा जे भगवान्‌ना हाथना नख प्रमाणे दीसे ते व्याख्यानवेदीनी शोभनो भगवान्‌नो हाथ, तमने अनंत गुण आपनारो हो.

(तात्पर्य—सूर्यने अमे बार सूर्य भेगा मळीने प्राणिओनो प्रलय—नाश करीए अने भगवान्‌ना हाथना नख, पांच छे तो पण ते प्राणिओनो प्रलय—मोक्ष करीए तेथी बार सूर्यवडे थतो प्रलय ते पांच नख करे छे माटे ए नख सूर्यने हसे छे के तमे बार मळीने जे करो छो ते अमे पांच मळीने करीए छीए. आवा जे हाथना नख छे ते हाथ तमने अनेक प्रकारना गुण करनारो हो

आ श्लोकमां 'प्रलय' शब्दमां श्लेष छे. सूर्यपक्षमां प्रलयनो अर्थ 'नाश' करो अने नख पक्षमां 'उत्तममोक्ष' एवो करवो.)

गीर्वाणैः=देवोए.
निर्मितोर्वीरुह=रचेला अशोकवृक्षनां.
बहलदल=घणां पत्रोनो.
श्यामलाभीपुजालैः=काळां किरणोना समूहवडे
जीमूतैः=मेघवडे
प्रावृषेण्यैः=वर्षाकाळ संबंधीना.
इव=पेठे.
नभसि=आकाशने विषे.
सदसि=सभाने विषे

आतते=व्याप्त.
यः=जे.
समन्तात्=सर्वत्र.
विद्युत्पुञ्जायमान=विजळीना समूहनी पेठे आचरण करतो.
स्फुरदरुणरुचा=स्फुरायमानथती राती कान्तिवडे.
दृश्यते=जोवायछे.
त्रैदशैः=देवोना समूहवडे
वः=तमारा

त्राणाय=रक्षणने माटे.
स्तात्=हो.
स=ते.
हस्तः=हाथ.
तनुरहितजितः=कामने जितनारा एवा भगवान्‌नो.
साधु=सारी रीते.
बोधोद्यतः=प्राणिओने प्रतिबोध करवा माटे तत्पर थएलो
अद्य=आज

गीर्वाणनिर्मितोर्वीरुहबहलदलश्यामलाभीपुजालै-
 र्जीमूतैः प्रावृषेण्यैरिव नभसि सदस्याततं यः समन्तात् ।
विद्युत्पुञ्जायमानः स्फुरदरुणरुचा दृश्यते त्रैदशैर्व-
 स्त्राणाय स्तात्स हस्तस्तनुरहितजितः साधु बोधोद्यतोऽद्य ॥ ५ ॥

अर्थ—वर्षा ऋतुना मेघवडे व्याप्त थएला आकाशना जेवी, देवोए रचेला अशोकवृक्षनां गहन पत्रोनां काळां किरणोना समूहवडे सर्वत्र व्याप्त थएली सभाने विषे, स्फुरायमान थती राती कान्तिने लीधे विजळीना समूहना जेवा जणाता जे हाथने, देवोनो समूह जुएछे, ते प्राणिओने सारीरीते प्रतिबोध करवासारु तत्पर थएलो एवो कामने जितनारा भगवान्नो हाथ, आज तमारा रक्षणने माटे हो.

(तात्पर्य—अशोकना सघन पत्रोना मंडपमां प्रतिबोध करती वखते भगवान्नो जे हाथ आम तेम फरतो देखाय छे ते हाथने जोइने देवलोकोना समूहना मनमां एवी कल्पना थायछे के जाणे वर्षाकालना मेघवडे आच्छादित थइ गएला आकाशमां विजळी चमकती होय नहिं शुं ! आ प्रमाणे जे हाथने विषे देवलोको कल्पना करेछे ते हाथ तमारुं रक्षण करो.)

घनाश्रयः=वरसादे थो-
भतो अथवा चक्रना
चिह्नवाळो.
अपि=पण.
अकृष्णः=कृष्ण नहीं ते.
विवरयुततलः=छिद्र-
युक्त तळवाळो, अथवा
(वीनोवरः विवर.
हंसः तेन युतं तलं
यस्य स विवरयुततलः)
हंस विगेरेना चिह्नवा-
ळी हथेळीवाळो.
अपि=पण.
अस्तरन्ध्रानुषङ्गः=छिद्र-
ना संबंधविनानो.
सत्कार्यः=जेने कार्य कर-
वानो छे एवो अथवा
(सद्विद्यमान क सुख
येषां ते सत्का देवा
तेषां आर्यः पूज्यः स-
त्कार्यः) देवोने पूजवा
योग्य.
अपि=पण.
अस्तकृत्यः=जेणे कार्य-
मात्र पूर्ण कर्यां छे एवो-
कृतकृत्य.
विलसितकमलः=जेमां
हरिण शोभेछे एवो,
अथवा जेमां कमळ
किंवा लक्ष्मी शोभेछे
एवो.
अपि=पण.
अंग=कोमलामन्त्रणवाचक
अव्यय
दोषाकरो नो=चंद्र नथी.
यः=जे
सार्वज्ञः=भगवान् सर्वज्ञ
संबंधी
सुपर्वा=जेनी आंगळीओ-
नो सन्धिस्थान सारां छे
एवो.
हाथ=हाथ.
इति महिमा=आवा मा-
हात्म्यवाळो.
अपि=पण.
दृश्यते=जोवायछे.
नो=नहीं.
विरोधी=विरुद्ध प्रका-
रनो.
वध्यात्=नाश करो.
स=ते
ध्यानवृद्धेः=ध्याननी वृ-
द्धिना
निधनकरम्=क्षयकर-
नार
अरम्=सत्वर
वस्तु=वस्तुने
वः=तमारा
स्तूयमानः=स्तुति क-
रातो.

वज्रिन्=इन्द्र.
वज्रम्=वज्र.
समस्ति=छे
प्रकटतरम्=प्रत्यक्ष
इदं=आ.
मेऽपि=म्हारे पण
मा=मा.
गर्वितः=गर्ववाळो.
अमूः=था.
यक्ष=हे कुबेर.
क्षिप्रम्=सत्वर.
जहीहि=त्यजी दे
त्वमपि=तुं पण.

निधिमदम्=निधिना गर्वने
शङ्खपद्मौ=शंख अने पद्म अथवा ए नामना निधि
यतः=कारण के
स्तः=छे
अम्लानौ=प्रफुल्लित.
मय्यपि=मारा विषे पण.
इमौ=आ बे.
इति=ए प्रमाणे
परिहसति=उपहास करेछे.
इव=जाणे.

उच्छलद्भिः=नीकळतां.
मयूखैः=किरणोवडे.
व्याख्यायाम्=धर्मदेशनामां.
यन्नखेभ्यः=जेमना नखमांथी.
अखिलसुखकृत्=समग्र सुख करनार.
असौ=आ.
अस्तु=हो.
वः=तमारुं.
जैनहस्तः=तीर्थंकरनो हाथ.

वज्रिन् वज्रं समस्ति प्रकटतरमिदं मेऽपि मा गर्वितो भू-
यक्ष क्षिप्रं जहीहि त्वमपि निधिमदं शङ्खपद्मौ यतः स्तः ।
अम्लानौ मय्यपीमाविति परिहसतीवोच्छलद्भिर्मयूखै-
र्व्याख्यायां यन्नखेभ्योऽखिलसुखकृदसावस्तु वो जैनहस्तः॥८॥

अर्थ—हे इन्द्र! म्हारे पण आ प्रत्यक्ष वज्र छे माटे तुं गर्व न करीश, अने हे कुबेर! तुं पण तारा निधिना मदनो सत्वर परित्याग कर, कारणके म्हाराविषे पण आ सुशोभित शङ्ख अने पद्म (ए नामनां चिह्न, अथवा ए नामना बे निधि) ए बे छे आ प्रमाणे व्याख्यानने विषे भगवान्नो जे हाथ, नखमांथी नीकळतां किरणोवडे इन्द्र अने कुबेरनुं उपहास करेछे ते हाथ तमने समग्र सुखकरनारो हो.

(तात्पर्य—भगवान्ना हाथमां वज्र, शंख, अने पद्मनु चिह्न छे, अने इन्द्रना हाथमां पण वज्र नामनुं आयुध छे, अने कुबेरना हाथमां- कबजामां पण शंख अने पद्म ए नामना बे निधि छे ते उपर कवि कल्पना करेछे के भगवान्नो हाथ जाणे इन्द्रने कहे छे के तारी पासे वज्र छे तेनो तुं गर्व शा माटे करेछे! जो आ वज्र मारा हाथमां पण छे माटे गर्व न कर. अने हे कुबेर! शंख अने पद्म ए नामना बे निधिनो गर्व तुं पण न करीश कारणके मारा हाथमां पण शंख अने पद्म छे. आ प्रमाणे नखमांथी नीकळतां

किरणोवडे जे हाथ इन्द्र अने कुबेरनुं उद्धार करेछे ते हाथ तमने सर्वप्रकारनो सुख करनारो हो.)

जेता=जीतनारो.
आजौ=संग्राममां.
ऊर्जितौजा=समबळ-वाळो.
विजयिजवगजभ्राजि=विजयवाळा अने वेगवाळा हाथीओवडे शोभता एवा.
सदाजिराज्यां=सारा घोडाओनो समूह जे-मां छे एवा.
तेजोभाजाम्=तेजस्वी.
जजा=योद्धाओ.
ऊर्जा=बळ.
अविजितजनजिताम्=नहीं जीतापला मनुष्यने जीतनारा.
स्वौजसा=पोताना तेज-वडे.
दुर्जनानाम्=दुर्जनोना.
यः=जे
अन्यग्जः=रोग अथवा उप-तापथी रहित.
अजातजाड्यः=जेने अ-नादर नथी एवा.
जगति=पृथ्वीमां.
जिनभुजः=भगवान्‌नो हाथ.
जम्भजित्पूजितौजा=इन्द्रे जेना तेजनुं पूजन कर्युं छे एवो.
अज्यायम्=निन्दवायो-ग्य-अप्रशस्त.
जन्मबीजम्=कर्म.
जयतु=तिरस्कार करो-जीतो
सरजसोऽजिल्यजित्=रागवाळा-अज्ञानी-ओ-मिथ्यादृष्टिवाळा जे छे तेमना बळने जीतनारो.
सः=ते.
अञ्जसा=सत्वर.
वः=तमारा.

जेताजावूर्जितौजा विजयिजवगजभ्राजि सदाजिराज्यां
तेजोभाजां जर्जाऊर्जाविजितजनजितां स्वौजसा दुर्जनानाम् ।
योऽन्यग्जोऽजातजाड्यो जगति जिनभुजो जम्भजित्पूजितौजा
अज्यायं जन्मबीजं जयतु सरजसोऽजिल्यजित्सोऽञ्जसा वः ॥ ९ ॥

अर्थ—विजयी अने वेगवाळा हाथीओवडे शोभता, तथा सारा घोडाओनो समूह जेमां छे एवा संग्राममां, तेजस्वी अने योद्धाओना बळवडे नहीं जितापलाने जीतनारा, अर्थात् दुर्जय एवा दुर्जनोनी उपर पोताना तेज वडे जय मेळवनारो उमबळवाळो, उपताप अथवा रोगथी रहित, (दानने विषे) जेने अनादर नथी एवो, जीवलोकने विषे इन्द्रे जेना तेजनुं

[illegible]

पूजन करुं छे एवो, अने मिथ्यादृष्टिवाळाओना बळने जीतनारो एवो भगवान्‌नो हाथ तमारां निन्दवायोग्य नीच कर्मनो शीघ्र नाश करो.

भित्त्वा=भेदीने
दोषानुषङ्गम्=दोषोना संबंधने, अथवा रात्रि-ना संबंधने
जनवनजवनम्=लोकोने अने कमळोना वनने अथवा लोकोरूपी कमळना वनने.
बोधयामि=प्रफुल्लित कर-छुं अथवा बोध करावुं
इद्धधाम्ना=प्रकाशित ते-जवडे
मा=नहीं.
उत्कर्षम्=मोटाइने.
सूर्य=सूर्य
कार्षीः=करीश.
इति=ए प्रमाणे.
मम=म्हारी.
पुरतः=पासे.
दर्पतः=गर्वथी.
हन्त=खेदसूचक अव्यय.
यत्=कारणके
तत्=ते
साक्षात्=प्रत्यक्ष.
दोषम्=दोषने, अथवा बाहुने.
श्रितोऽपि=युक्त छतां पण.
श्रमणगणगुरोः=साधु समुदायना गुरु भगवा-नूनो
बोधये=बोध करावुं.
अहम्=हुं.
महिम्ना=महिमावडे.
इतीव=आ प्रमाणे जाणे.
प्रेङ्खन्=आम तेम करतो.
सदोऽन्तः=सभामां.
प्रणिगदति=कहेछे.
करः=हाथ.
यः=जे.
स=ते.
वः=तमारी.
वामहा=प्रतिकूलतानो नाश करनारो.
अस्तु=हो.

भित्त्वा दोषानुषङ्गं जनवनजवनं बोधयामीद्धधाम्ना
मोत्कर्षं सूर्य कार्षीरिति मम पुरतो दर्पतो हन्त यत्तत् ।
साक्षाद्दोषं श्रितोऽपि श्रमणगणगुरोर्बोधयेऽहं महिम्ने-
तीव प्रेङ्खन्सदोऽन्तः प्रणिगदति करो यः स वो वामहास्तु ॥ १० ॥

अर्थ—दीप्तिमान् तेजवडे दोषोना संबंधने भेदीने लोकोने अने कमळोना वनने हुं प्रफुल्लित करुं एवो अभिमानपूर्वक मोटाइ, हे सूर्य! तुं म्हारी पासे न करीश. कारण के हुं प्रत्यक्ष दोषना संबंधवाळो छतां पण म्हारा माहात्म्यवडे लोकोरूपी कमळोना समूहने प्रफुल्लित करुंछुं. आ प्रमाणे सभामां आम तेम हालतो एवो साधुसमुदायना सद्गुरु भगवान् तीर्थपतिनो हाथ, जाणे कहेतो न होय एम लागेछे; ते हाथ तमारी प्रतिकूलतानो नाश करनारो हो.

(आ श्लोकमां भगवान्‌नो हाथ सूर्यने कहेछे के तुं दोषोना संबंधने भेदीने लोकोने अने कमळोने प्रफुल्लित करेछे अने हुं दोषना संबंधवाळो छतां पण लोकोरूपी

अर्थ—धीरताना समूहजेवा, अने दीक्षा लेवानी जेमणे बुद्धि करीछे एवा लोकोना स्वामी भगवान् तीर्थपतिना मस्तक उपरथी चळकता, अने भमराना जेवी काळी कान्तिवाळा केशना समूहने मूळमांथी उपाडी नाखतो, अने अंदर रहेला पीडाकारक मलिन पापने आते खेंची काढेछे के शुं ! ए प्रमाणे देवोए आशंका करातो भगवान्नो जे हाथ शोभेछे ते हाथ, तमारा सेंकडो अकल्याणथी थता दुःखनो सत्त्वर नाश करो.

(तात्पर्य—भगवाने दीक्षा लेती वखते पोताना मस्तक उपरथी भमराना जेवा काळा अने चळकता केश जे हाथवडे उपाडी नाख्या ते हाथनुं वर्णन करतां कवि कहेछे के आ हाथ ते भगवान्ना माथा उपरथी केशने निर्मूळ करी नाखेछे, के केशरूपे देखाता पण अंदर रहेला अने पीडाकारक मलिन पापने निर्मूल करी नाखेछे! आ प्रमाणे देवोने शंका उत्पन्न करावतो जे हाथ शोभेछे, ते हाथ तमारा अनेक अधर्मोथी थता दुःखनो सत्त्वर नाश करो.)

दक्षम्=सत्वर.
दीक्षाम्=दीक्षाने.
जिघृक्षोः=ग्रहण करवानी इच्छावाळा.
मदनशरनुदः=कामना बाणोनुं निराकरण करनारा भगवान्ना.
देहतः=शरीर उपरथी.
दीप्रदीप्तीः=उज्ज्वल तेजवाळा.
सत्स्वर्णालंकृतीः=सारा सुवर्णना अलंकारोने.
यः=जे.
सरससुमनसः=नवीन पुष्पोने.
कल्पवृक्षात्=कल्पवृक्ष उपरथी.
इव=जाणे.
उच्चैः=अत्यंत.
पाणिः=हाथ.
प्रोत्तारयन्=उतारतो.
वः=तमारा.
सरसिरुहरुचिः=कमळना जेवी कान्तिवाळो.
सप्तसप्तांशुमयूखः=सारा नखना किरणोरूपी पुष्पवाळो.
मालाकारायते=माळीनी पेठे आचरण करेछे.
असौ=ए.
स्यतु=नाश करो.
कुमतिमलम्=कुबुद्धिरूपी मळने.
प्राणमत्कंधराणाम्=जेमणे डोकुं नमाव्युं छे एवा प्रणामपरायण पुरुषोना

दक्षं दीक्षां जिघृक्षोर्मदनशरनुदो देहतो दीप्रदीप्तीः
सत्स्वर्णालंकृतीर्यः सरससुमनसः कल्पवृक्षादिवोच्चैः
पाणिः प्रोत्तारयन्वः सरसिरुहरुचिः सप्तसप्तांशुप्रसूनो
मालाकारायतेऽसौ स्यतु कुमतिमलं प्राणमत्कंधराणाम् ॥ १२ ॥

अर्थ—सत्त्वर दीक्षा ग्रहण करवानी इच्छावाळा, अने कामदेवना

बाणोनुं निराकरण करनारा अर्थात् कामना बाणथी पराभव नहीं पामनारा भगवान्ना शरीर उपरथी उज्ज्वल दीप्तिवाळा सारा सुवर्णना अलंकारोने उतारी नाखतो, कमळना जेवी कान्तिवाळो, अने उत्तम नखनां किरणोरूपी पुष्पोवाळो हाथ, जाणे कल्पवृक्ष उपरथी नवीन पुष्पोने चूंटी लेता कमळोने विषे प्रीतिवाळा, अने जेनी पासे उत्तम नखनां किरणो जेवां पुष्पो छे एवा माळीना जेवो जणायछे ते हाथ तमो प्रणामपरायण पुरुषोना कुबुद्धिरूपी मळनो नाश करो.

(तात्पर्य—कमळोने विषे प्रेमवाळो, अने नखना किरणोना जेवां उत्तम पुष्पो जेनी पासेछे एवो माळी कल्पवृक्ष उपरथी ताजां पुष्पने जेम चूंटी लेतो होय तेम दीक्षा लेवानी इच्छावाळा भगवान्ना शरीर उपरथी प्रकाशवाळा सुवर्णना सारा दागीनाने जे हाथ उतारी नाखेछे अने तेथी जे माळीना जेवो जणायछे ते हाथ प्रणाम करनाराओना दुर्बुद्धिरूपी मळनो नाश करो.)

यः=जे.
कालः=काळ-अथवा काळो.
शोणिमानम्=रतारााने.
दधदपि=धारण करेछे पण.
निधने=नाश करवामां.
कल्मषस्य=पापनो.
उल्बणस्य=उग्र.
द्रष्टॄणाम्=जोनाराओनो.
दृष्टमात्रः=जोतावारमांज.
सरुक्=रोगवाळो अथवा कान्तिवाळो.
अपि=पण.
नितराम्=अत्यन्त.
नीरुगात्मा=रोगरहित शरीरवाळो.
आप्तसक्तः=भगवानने, भगवान्ने विषे रहेलो.
लक्ष्मीदानेन=लक्ष्मीना दानवडे.
तृष्णाछिदपि=तृषाने शमावनारो छतां पण अथवा आशाने शमावनारो छतां पण.
तनुमताम्=प्राणीओनो.
अग्रहस्तः=अग्रनो हाथ.
अजडः=चपळ, अथवा ड अने ल नुं साम्य होवाथी अजलः-अळविनानो.
असौ=आ.
मुष्यात्=दूर करो.
दोषान्=दोषोने.
अशेषान्=समग्र-सर्व.
कलुषितवपुषाम्=कर्ममळवडे जेमनां शरीर लेपायलां छे तेवाओना.
वः=तमारा.
विरुद्धात्मकः=विरुद्धपणेवाळो-असंगत स्वरूपवाळो.
अपि=पण.

यः कालः शोणिमानं दधदपि निधने कल्मषस्योल्बणस्य
द्रष्टॄणां दृष्टमात्रः सरुगपि नितरां नीरुगात्माप्तसक्तः ।
लक्ष्मीदानेन तृष्णाछिदपि तनुमतामग्रहस्तोऽजडोऽसौ
मुष्याद्दोषानशेषान्कलुषितवपुषां वो विरुद्धात्मकोऽपि ॥ १२ ॥

अर्थ—भगवान्नो जे हाथ रताशने धारण करनारो छे ते छतां जोनाराओनां जोतावारमां ज उग्रपापनो नाश करवामां काल- (काळो) यम जेवो छे, सरुगपि- रोगयुक्त छे (कान्तिवाळो छे) ते छतां अत्यन्त नीरुगात्मा- रोगरहित छे, लक्ष्मीना दानवडे प्राणिओनी तृष्णा (वाञ्छना) तृषाने शमावनारो छे ते छतां अजड- (ड अने ल नुं साम्य होवाथी अजल) जलरहित छे (चञ्चल छे) आ प्रमाणे विरुद्धाचरणवाळो भगवान्नो दक्षिण हाथ, तमारा कर्ममळवडे लेपाएला शरीरवाळाओना समग्र दोषोनो नाश करो.

(तात्पर्य—आ श्लोकमां शब्दच्छलवडे भगवान्ना जमणा हाथमां विरुद्धता दर्शावी छे. जेमके भगवान्नो जे हाथ शोणिमानं दधदपि- रताशने धारण करनारो छे ते छतां कालः- काळो छे, सरुगपि- रोगवाळो छे तथापि नीरुगात्मा- रोगरहित छे, तृष्णाछिदपि- तृषानो नाश करनारो छे तो पण अजडः- जलविनानो छे (अहीं ड ल मां सवर्णपणु होवाथी 'अजल' शब्द समजवो) आ प्रमाणे शब्दच्छलथी जणाता विरोधनु समाधान ए छे के जे हाथ रताशने धारण करनारो छे, दर्शन करनाराओनां जोतावारमां ज उग्रपापनो नाश करवामां कृतान्त जेवो छे, कान्तिवाळो छे, रोगरहित छे, लक्ष्मीना दानवडे प्राणिओनी तृष्णाने शमावनारो छे अने चपळ छे ते हाथ तमारा कर्मना मळथी लिप्त थएलाओना समस्त दोषनो नाश करो.)

मयि=हुं (आत्मनिर्देश) (विभक्तिपुरःसर अर्थ 'माराविषे' एम थाय पण अहीं सतीसप्तमी होवाथी मयिनो अर्थ हुं एवो कर्यो छे).
अपि-पण
अस्मिन्=आ.
स्मरारी=गर्वनाशक.
प्रभवति=समर्थ छुं तो पण.
भुवने=जगत्मां.
भूभृतः=राजाओ.
किं=शा माटे.
कराणाम्=दंडना.
पातैः=निपातवडे.

उत्तापयन्ति=संतापेछे.
क्षितिम् पृथ्वीने.
इतकिं=(इति) एमप्रमाणे
भयद्भूमभामामान्=उत्पन्न थएला अत्यन्त क्रोधवडे
इव=जाणे
अलम्-अत्यन्त
रक्तः-रातो
शक्त्या=शक्तिवडे.
स्फुरन्=स्फुरतो-चळतो.
वः=तमारा.
निगडित इव=नियंत्रित होय एम-बंधाये कर्यो होय एम.

यः=जे.
भूषणालानकाले=आभूषणो ग्रहण करवाना समयमां.
व्याधेः=कुष्टादिरोगथी.
अव्यात्=रक्षण करो.
स=ते.
पाणिः=हाथ.
सदुपलवलयाप्तिः=सारा मणिओवाळा वलय-कडां धारण करवाथी.
मुक्तिभाजः=मुक्तिने सेवनारा प्रभु तीर्थंकरनो

…प्यस्मिन्स्मयारो प्रभवति भुवने भूभृतः किं कराणां
…पार्तैरुत्तापयन्ति क्षितिमितकि भवद्भूमभामादिवालम् ।
…ः शक्त्या स्फुरन्वो निगडित इव यो भूषणालानकाले
व्याधेरव्यात्स पाणिः सदुपलवलयामुक्तितो मुक्तिभाजः ॥ १४ ॥

अर्थ—गर्वनो नाश करनारो एवो हुं आ जगत्मां समर्थ छुं ते छतां …राजाओ दंडना विधानवडे पृथ्वीने शा माटे संतापेछे! एवा हेतुथी उत्पन्न थएला अत्यन्त क्रोधने लीधे रातो, पोताना सामर्थ्यवडे स्फुरायमान थतो, अने आभूषणो ग्रहण करवाना समयमां उत्तम मणिओवाळां वलय-कडां धारण करवाथी जाणे नियंत्रित करेलो कबजे राखेलो होय एवो जे भगवान्नो हाथ छे ते हाथ तमारुं कुष्टादि व्याधिओथी रक्षण करो.

(तात्पर्य—भगवान्नो हाथ रातो अने जेमां उत्तम मणि जडेला छे एवा कडांथी अलंकृत थएलो जोइने कवि उत्प्रेक्षा करेछे के जे हाथ एम धारेछे के आ जगत्मां गर्व नाशकरनारो एवो हुं हाथो समर्थ छुं ते छतां आ राजाओ दंडविधान-वेरा विगेरेथी पृथ्वीने शा माटे संताप उत्पन्न करावेछे ? हाथुं धारीने अत्यन्त क्रोध उत्पन्न थयो तेथी रातो थएलो, अने उत्तम मणिओ जडेला कडांथी अलंकृत होवाथी जाणे नियंत्रित करेलो होय एवो जणायछे ते हाथ तमारुं व्याधिथी रक्षण करो.)

मा=नहीं.
अभूत्=थाओ.
अन्तःपुरस्त्री=जनानखानामां स्त्रीओ.
कठिनकुचभित्तिदारि-णी=कठिन स्तनमां क्षत करनारी.
रागभाक्त्याम्=कामनी आसक्तिथी, रताप-णाथी
सक्ता-चोंटेली, प्रतिबद्ध थएली
एतस्मिन्-आ
नखाली-नखनी पंक्ति

स्मरविस्तृतिहृत्=का-मना विकारनो नाश करनारा.
सर्वदा-निरन्तर
अस्य=एमना.
इतकि=एप्रमाणे इच जाणे.
मुद्राभि-वीटीओवडे मुद्रित. शीलबध करेलो निकाचालो करेलो
अलंकरणविधिहृता आभूषण धारण करावाना प्रकारने आण-नारा

पवित्रणा=इन्द्रे.
अर्हत्करः=भगवान्नो हाथ.
यः=जे
स=ते
अंहांसि=पापने
अहाय-शीघ्र
हन्तु-नाश करो
प्रविदितविनतेः=जेमणे प्रणाम कर्यो छे एवा.
भक्तिभाजः=भक्तिकर-नारा
जनस्य=मनुष्यना.

तात्पर्य—ध्यान बखते लंबाएला भगवान्‌ना हाथना नखनी कान्ति, नीचे नने फेलाएली जोईने ते उपर कवि कल्पना करेछे के-पाताळमां सर्पसमूह अने अत्यन्त अंधकार होवाथी सूर्य, उग्र तेजवाळो होवा छतां पण कीकण- त्यां प्रवेश करी शकतो नथी तेथी जाणे पाताळने प्रकाशित करवाने तेमां करवाने इच्छती होय एवी जेमना हाथना नखनी कान्ति जणाय छे ते प्रभुनो तमारा उपद्रवनो अथवा पापनो नाश करो.)

जे.
नथी.
न्वीतः=युक्त.
डिम्ना=जडतावडे, अ- थवा शीतलतावडे.
नयति=प्राप्त करावेछे.
न=नहीं.
कुमुदम्=पोयणाने, अथ- वा कुत्सित आनन्दने.
नंदथुम्=हर्ष.
दीप्यमानः=तेजस्वी.
न=नहीं.
ज्योतिर्यानियुक्तः=ते- जनी हानिथी युक्त.
अहनि=दिवसे.

मलिनतमम्=अतिशय- मलिन.
लक्ष्म=लाञ्छन, कलङ्क.
धत्ते=धारण करेछे.
न=नहीं
मध्ये=वचमां, मध्यमां.
सोल्लासम्=सहर्ष, हर्ष- युक्त.
नो=नहीं.
नदीनम्=समुद्रने, गरी- बने नहीं
जनयति=करेछे.
लभते=पामे छे.
धाम=तेज.
दोषोदयात्=दोषोना प्रादुर्भावथी, अथवा रात्रिना उदयथी.

नो=नहीं.
स=ते.
अपूर्व=उत्तम, प्रथम नहीं जोएलो एवो.
यन्नखेन्दुः=जे हाथना नखरूपी चन्द्र.
चरमतनुशयः=भगवा- न्नो हाथ.
योग्यताम्=कल्याणनी पात्रताने.
वः=तमारी, तमने.
युनक्तु=संपादन करावो प्राप्त करावो.

यो नान्वीतो जडिम्ना नयति न कुमुदं नन्दथुं दीप्यमानो
न ज्योतिर्यानियुक्तोऽहनि मलिनतमं लक्ष्म धत्ते न मध्ये ।
सोल्लासं नो नदीनं जनयति लभते धाम दोषोदयान्नो
सोऽपूर्वो यन्नखेन्दुश्चरमतनुशयो योग्यता वो युनक्तु ॥ १९ ॥

अर्थ—जे जडता शीतलतावडे युक्त नथी, कुमुद—पोयणाने जे प्रसन्न करतो नथी, दीप्तिमान् छे, दिवसे पण जे तेजोहीन थतो नथी, मध्यभागमां मलिन कलङ्कने जे धारण करतो नथी, समुद्रने जे सहर्ष करतो नथी अने दोषोदयात्—दोषोना उदयथी अथवा रात्रिना उदयथी जे तेजने पामतो नथी एवो जे हाथमां अपूर्व नखरूपी चन्द्रमा छे ते भग- वान्‌नो हाथ तमने कल्याणनी पात्रता संप्राप्त करावो

(**तात्पर्य**—जे भगवान्‌ना हाथना नखरूपी चन्द्रमा अपूर्व छे ते हाथ तमने कल्याणनी योग्यता प्राप्त करावो, अहीं नखरूपी चन्द्रमा अपूर्वता एवी रीते प्रतिपादन करी छे के आ आकाशमां देखातो चन्द्र **जडता**—शीतलतावडे युक्त छे, **कुमुद** पोयणाने प्रसन्न करे छे, दीप्तिमान छे, दिवसे तेजनी क्षीणताथी युक्त देखाय छे, मध्यमां मलिन कलंक धारण करे छे, **नदीन**—समुद्रने सहर्ष करेछे अने **दोषोदयात्**—रात्रिना उदय वखते तेजने प्राप्त करेछे अने नखरूपी चन्द्र **जडता**—मूर्खतावडे युक्त नथी, **कुमुद**—कुत्सित आनन्दने वधारतो नथी, दीप्तिवाळो छे, दिवसे तेजनी क्षीणताने पामतो नथी, मध्यभागमां मलिन कलंकने धारण करतो नथी, **न दीन**—गरीबने सहर्ष नथी करतो एम नहीं पण सहर्ष करेछे, अने **दोषोदयात्**—विकृतिना—दोषोना उदयथी तेजने पामतो नथी, आप्रमाणे जे हाथमां नखरूपी अपूर्व चन्द्र छे ते भगवान्‌नो हाथ तमने कल्याणना पात्रता संपादन करावो. अर्थात् तमारुं कल्याण थाय एवी योग्यता तमने प्राप्त करावो)

अर्थव्यक्तिम्=पदार्थोनुं प्रकाशन, पदार्थोने देखाडवापणु.
विविक्ताम्=स्पष्ट.
विदधति=करेछे.
बहवः=घणा.
यां=जे.
कराः=किरणो.
हारिदश्वाः=सूर्यसंबंधिनां (सूर्यनां)
विश्वसिन्=जगत्मां.
तीव्ररूपाः=उग्ररूपवाळा.

प्रशमम्=शान्तिने
इतवता=पामेला.
एकाकिना=एकला
सा=ते.
मयापि=म्हाराथी पण.
प्रोच्चैः=अत्यन्त.
निष्पाद्यते=करायछे.
अमुम्=आ.
स्मयम्=गर्वने.
इव=जाणे.
वहता=धारण करनारा.
धार्यते=धारण करायछे.

वैजयन्ती=जयपताका.
येन=जेणे.
असौ=आ.
युष्मदाधेः=तमारी मनोव्यथानो
वधकरणपटुः=नाश करवामां समर्थ.
बुद्धसक्तः=जीवादि तत्त्वने जाणनारा तीर्थकरसंबंधी.
करः=हाथ.
अस्तु=हो.

अर्थव्यक्तिं विविक्तां विदधति बहवो यां करा हारिदश्वा
विश्वस्मिंस्तीव्ररूपाः प्रशममितवतैकाकिना सा मयापि ।
प्रोच्चैर्निष्पाद्यतेऽमुं स्मयमिव वहता धार्यते वैजयन्ती
येनासौ युष्मदाधेर्वधकरणपटुर्बुद्धसक्तः करोऽस्तु ॥ २० ॥

अर्थ—(उग्रतेज होवाथी) तीव्ररूपवाळां सूर्यनां घणां किरणो जगत्मां पदार्थोने प्रकाशित करवानी स्पष्टताने धारण करेछे ते स्पष्टताने शान्त अने एकलो हुं पण धारण करुंछुं, आवा विचारथी अत्यंत गर्ववाळो जे हाथ विजयपताका जाणे धारण करतो होय एम लागेछे ते

श्रीदादिवसने आपनारा भगवान् तीर्थंकरनो हाथ तमारी मनोव्यथानो नाश करवामां समर्थ थाओ.

(तात्पर्य—त्यार उत्तम करावनारा अने घणा एवा सूर्यना किरणो वस्तुमात्रने स्पष्ट प्रकाश पाडीने आ अमुक वस्तु छे अने आ अमुक वस्तु छे एवी जे स्पष्टता करे छे तेम प्रकाशनी स्पष्टता भगवाननो हाथ करे छे के हुं पण करी शकुं छुं अने ते पण बनी शक्य रहेशे अने एकलो एटले जे काम सूर्यना घणा किरणो तम करे छे तेम काम हुं एकलो शक्य रहेशे आतुं आम धारीने अत्यन्त गर्व धारण करनारा होय एवे विशदपणाथी धारण करी छे ते भगवान्नो हाथ तमारी मनोव्यथानो नाश करवाने समर्थ हो.)

श्रद्धालोः=श्रद्धावानने.
यः=जे
विधत्ते=आपे छे.
विविधबुधधृतीः=नाना प्रकारना पंडितोना हृदयना आनन्दने
एधयन्=वधारतो.
बोधवृद्ध्या=बोधनी वृद्धिवडे, तत्त्वावगमनी वृद्धिवडे.
धैर्यम्=धीरताने.
धामर्द्धिम्=तेजनी लक्ष्मीने.
इद्धाम्=दीप्तिवाळी
धनम्=द्रव्यने
अपनिधनम्=अपध्वंसना-मृत्यु-अथवा अंत नहीं ते एटले दीर्घजीवन
शुद्धबुद्धिम्=निर्मल बुद्धिने, अनुकूल बुद्धिने.
धरित्रीम्=पृथ्वीने.
व्याधिध्वंसम्=रोगनो नाश.
पुरंध्रीः=स्त्री
जितविबुधवधूः=पोताना स्वरूपवडे जेणे देवांगनाओने जीती लीधी छे एवी.
धर्मवृद्धेः=धर्मनी वृद्धिनी.
समृद्धिम्=वृद्धिने
धर्मोत्कः=धर्मना कथनमां.
वः=तमारी.
सः=ते.
धत्ताम्=करो-पुष्ट करो.
धियम्=बुद्धिने.
अधिकधृतिम्=विशेष धैर्यवाळी.
प्रोद्धृतः=ऊंचो करेलो.
वीरहस्तः=भगवान्नो हाथ.

श्रद्धालोर्यो विधत्ते विविधबुधधृतीरेधयन्बोधवृद्ध्या
धैर्यं धामर्द्धिमिद्धां धनमपनिधनं शुद्धबुद्धिं धरित्रीम् ।
व्याधिध्वंसं पुरंध्रीर्जितविबुधवधूर्धर्मवृद्धेः समृद्धिं
धर्मोत्को वः स धत्तां धियमधिकधृतिं प्रोद्धृतो वीरहस्तः ॥२१॥

अर्थ—बोधनी वृद्धिवडे नानाप्रकारना पंडितोना हृदयना आनन्दने वधारतो एवो जे हाथ, श्रद्धावान पुरुषने धैर्य आपेछे, दीप्तिवाळी तेजनी लक्ष्मी आपेछे, द्रव्य आपेछे, दीर्घ जीवन आपेछे, शुद्धबुद्धि आपेछे, पृथ्वी आपेछे, व्याधिनो नाश अर्थात् नीरोगता आपे छे, देवांगनाओनो

न-गुरु नामना ग्रहना महिमाथी अने पुनर्वसु नामना नक्षत्रथी रहित छे एम नहीं पण जेमां गुरु नामनो ग्रह छे अने पुनर्वसु नामनुं नक्षत्र छे. निरन्तर कृत्तिका नामना नक्षत्रवाळुं छे, वृष अने तुला नामनी राशिओने उत्पन्न करनारुं छे अर्थात् जेमां वृष अने तुला नामनी राशिओ छे एवुं, मीन राशि जेमां स्पष्ट छे एवुं अने कुंभराशिथी युक्त छे तेम भगवान्ना हाथनी हथेळी पण ज्येष्ठासक्त-वृद्धपुरुषोने विषे उपदेशने माटे आसक्त छे, सचित्र-शंख चक्रादि चित्रथी सहित छे, गुरुमहिमपुनर्वसपोढात्मकं न-मोटा महिमावाळी अने फरी तेजवडे रहित छे एम नहीं पण मोटा महिमावाळी अने तेजस्वी छे, निरन्तर सत्कृत्तिकं-सारा चर्मवाळी छे अर्थात् जे हथेळी सारी मृदु छे, जनितवृषतुलं- वृष-बळद अने तुला-त्राजवांना चिह्नी रेखाओ जेमां उत्पन्न थएली छे एवी, व्यक्तमीनं-मीन-मत्स्यनुं चिह्न जेमां स्पष्ट छे एवी, अने सकुम्भम्-कलशना चिह्नथी सहित छे. आ प्रमाणे भगवान्नी हथेळी आकाशनी पेठे शोभेछे पण आकाश शून्यवृत्तिवडे युक्त छे अर्थात् शून्य छे अने आ हथेळी शून्यतावडे रहित छे ते मोक्षना स्वामी भगवान्नी सुकुमार हथेळी तमारां समस्त संकटोनो नाश करो.

दारिद्र्याद्रेः=दरिद्रतारूपी पर्वतनो.
महेन्द्रप्रहरणसमतां=इन्द्रना हथियारनी समानताने-वज्रनी समानताने.
यः=जे.
विभेदे=नाश करवामां.
विभर्ति=धारण करेछे.
प्राकाश्ये=प्रकाशित करवामां.
विश्वयेदम=जगत्रूपी घर.

उदरपिवरगतस्य=मध्यभागना छिद्रमां रहेला.
अर्थजातस्य=पदार्थोना समूहनो.
दीपः=दीवो
हस्तालम्बः=हाथरूपी आधार
अपलम्बः=अवलम्बित
गुरुतरनरकागाधकूपमपाते बहु मोटा नरकरूपी अगाध कू-

वामां पडतां.
पातात्=रक्षण करो.
पातात्=पडतां.
सः=ते.
हस्तः=हाथ.
तमसि=(अज्ञानरूपी) अंधकारमां.
ततमे=अतिशय विस्तारवाळा.
वः=तमारु
विनेतुः=नायकना.
त्रिलोक्याः-त्रिलोकना

यः प्रोद्यद्विद्रुमद्युत्करुहमणिमन्मस्तकाङ्गुल्यहीन्द्रः
सत्सत्त्वोऽपारिजातः पुनरसुरतनुः साधुमुक्ताफलश्रीः ।
यक्रे हस्तः समुद्रो दशशतनयनेनोन्मुदा मूर्ध्नि मेरोः
श्रृच्छ्रोच्छ्रायं छिनत्तु प्रतिहतसुषमं वः स जेतुः स्मरस्य ॥ २४ ॥

अर्थ—जेम समुद्र, शोभावाळी प्रवाळनी कान्तिथी युक्त, नखना जेवो मणि जेना माथा उपर छे एवा अने आंगळीओ जेवा भुजगेन्द्र—(सर्पराज) वाळो, सारां नक्रचक्रादि सत्त्व—प्राणिओथी युक्त, पारिजात नामना देववृक्षथी रहित , सुरा (मद्य) रहित शरीरवाळो, अने उत्तम मोतीओनी शोभा जेमां छे एवो छे, तेम प्रवाळनी उत्तम कान्ति जेवा नखरूपी मणिओ जेना अग्रभागमां छे एवो आंगळीओरूपी भुजगेन्द्र जेमां छे एवा, सारा सामर्थ्यवाळा, जेनो शत्रुसमूह नष्ट थइगयो छे एवा, प्राणप्रद अथवा अभयकारक शरीर जेनुं छे एवा, अने सारां मोतीना जेवी शोभावाळा जे हाथने प्रसन्न अन्तःकरणवाळा इन्द्रे मेरुपर्वतना शिखर उपर समुद्र—वींटीयुक्त अथवा समुद्र जेवो कर्यो ते कामदेवने जीतनारा प्रभुनो हाथ, शोभानो क्षय करनारा दुःखनी वृद्धिनो नाश करो.

(तात्पर्य—मेरुपर्वतना शिखर उपर इन्द्रे भगवान्‌ना हाथमां मुद्रा—वींटी पहेरावी तेने कवि कहेछे के इन्द्रे भगवान्‌ना हाथने समुद्र कर्यो, समुद्र एटले वींटीथी युक्त अथवा समुद्र जेवो कर्यो जेम समुद्र, प्रवाळथी युक्त छे, माथामां मणिवाळा सर्पराजथी सहित छे, नक्रचक्र विगेरे सत्त्व एटले प्राणिओवाळो छे, पारिजातथी रहित छे एटले अपारिजात छे, असुरतनु एटले मद्यरहित शरीरवाळोछे, अने साधुमुक्ताफलश्रीः—सारां मोतीनी शोभावाळो छे, तेम हाथ पण प्रवाळना जेवी कान्तिवाळो छे, नखरूपी मणिओवाळी आंगळीओवाळो छे, सत्सत्त्व—सारा—सामर्थ्ययुक्त छे, अपारिजात—नाश पामेला शत्रुसमूहवाळो छे, असुरतनुः—अभयकारक अथवा प्राणप्रद शरीरवाळो छे अने साधुमुक्ताफलश्रीः सारां मोतीना जेवी शोभावाळो छे एवा हाथने इन्द्र मुद्रायुक्त कर्यो एटले समुद्र कर्यो ते भगवान्‌नो हाथ तमारी शोभाने नष्ट करे एवा दुःखनी वृद्धिनो नाश करो)

१ अपगत [illegible] २ असुर [illegible]
असुरा प्राणप्रदा तनुर्यस्य स असुरतनुः अथवा [illegible] ४ मुद्र [illegible]
सागरश्च

सत्स्कन्धावद्धमूलावृजितभुजलतालग्नम्=सारा स्वभावे विषे जेनुं मूळ छे एवी सरळ बाहुरूपी लताने विषे संबंधवाळुं
अम्लानरूपम्=प्रफुल्लित स्वरूपवाळुं.
बिभ्रत्=धारण करतुं.
बन्धूककान्तिम्=बन्धूकना जेवी कान्तिने, बपोरीयाना वृक्ष जेवी कान्तिने.
करतलम्=हथेळी.
अचलम्=स्थिर.
पल्लवभ्रान्तिभाग्भिः=नवीन पत्रोनी शोभाने धारण करनारां.
मौग्ध्यात्=मुग्धपणाथी, अज्ञानताथी.
सारङ्गशावैः=हरिणनां बच्चांए.
वनगहनभुवि=वननी गहन भूमिमां.
ध्यानवृत्तेः=जेमनी ध्यानमां वृत्ति छे एवा.
विधातुः=प्राप्त करनारा, उत्पन्न करनारा.
सिद्धेः=सिद्धिना.
लेलिह्यते=चटाय छे, स्वाद लेवाय छे.
यत्=जे.
तत्=ते.
अवतु=रक्षण करो.
पतनात्=पडवाथी.
आपदन्तः=आपत्तिमां.
सदा=हमेशां.
वः=तमने, तमारुं.

सत्स्कन्धावद्धमूलावृजितभुजलतालग्नमम्लानरूपं
बिभ्रद्बन्धूककान्ति करतलमचलं पल्लवभ्रान्तिभाग्भिः ।
मौग्ध्यात्सारङ्गशावैर्वनगहनभुवि ध्यानवृत्तेर्विधातुः
सिद्धेर्लेलिह्यते यत्तदवतु पतनादापदन्तः सदा वः ॥ २५ ॥

अर्थ—सारा स्वभावे विषे जेनुं मूळ छे एवी सरळ बाहुरूपी लतावाळा, जेनुं प्रफुल्लित स्वरूप छे एवा, बन्धूक पुष्पना जेवी कान्तिने धारण करनारा अने स्थिर एवा जेमना करतलने (हथेळीने) वननी गहन भूमिमां अज्ञानताथी पल्लवनी भ्रान्ति जेमने थइ छे एवां हरिणनां बच्चां वारंवार चाटेछे ते ध्यानमां वृत्तिवाळा अने सिद्धिने उत्पन्न करनारा प्रभुनुं करतल (हथेळी) आपत्तिमां पडतां तमने बचावो.

(तात्पर्य—ध्यानमां वृत्तिवाळा सिद्धिपति भगवाननी हथेळीने, बन्धूक पुष्पना जेवी राती अने प्रफुल्लित जोइने अरण्यनी गहन पृथ्वीमां अज्ञानपणाथी हरिणनां बच्चां तेने नवपल्लवनी भ्रान्तिथी वारंवार चाटेछे ते हथेळी आपत्तिमां पडतां तमारुं रक्षण करो.)

॥ इति श्रीजम्बूकविविरचिते जिनशतके जिनहस्तवर्णनं नाम द्वितीयः परिच्छेदः ॥

॥ जिनमुखवर्णनम् ॥

महस्या=मारी शोभा-वडे.
क्षिप्तदीप्ति=नाश थइ गएली शोभावाळुं.
प्रलपन्=प्रलाप करतुं-आक्रंद करतुं.
अलिरवैः=भमराओना शब्दवडे.
वारिणि=जळने विषे.
इन्दीवरम्=कमळ (काळुं कमळ)
वः=तमारुं.
मद्गुं=नीचे प्रवेश करावाने.
शक्त्या=शक्तिवडे.
वियुक्तम्=रहित.
सदलमपि=परिवार सहितछे तो पण, अथवा पत्रसहितछे तो पण.
जये=पराभवने विषे.
वाञ्छति=इच्छेछे
इति=ए प्रमाणे.
उच्छलच्छि्रु=विस्तारपामती शोभावाळुं.
हर्षोत्कर्षात्=अत्यन्त आनंदथी
प्रफुल्लम्=खीलेलु, विकसित.
किमिदम्=शुं आ.
इति=ए प्रमाणे
जनैः=लोकोए.
कल्प्यते=कल्पना कराय छे.
अनल्पधीभिः=बहु बुद्धिवाळाओए.
यच्चक्षुः=जेमना मुखमांनुं नेत्र.
वीक्ष्यमाणम्=जोवातुं.
क्षणम्=क्षणवार.
अहितहतिम्=शत्रुओनो नाश.
तत्=ते.
तनोतु=करो.
आसवक्त्रम्=भगवान्नुं मुख. (आसस्य जिनस्य वक्त्रं आसवक्त्रम्)

महस्या क्षिप्तदीप्ति प्रलपदलिरवैर्वारिणीन्दीवरं वो
मद्गुं शक्त्या वियुक्तं सदलमपि जये वाञ्छतीत्युच्छलच्छि्र ।
हर्षोत्कर्षात्प्रफुल्लं किमिदमिति जनैः कल्प्यतेऽनल्पधीभि-
र्यच्चक्षुर्वीक्ष्यमाणं क्षणमहितहतिं तत्तनोत्वाप्तवक्त्रम् ॥ १ ॥

अर्थ—भगवान्ना जे मुखमा रहेला नेत्रने, अत्यन्त बुद्धिमान् मनुष्यो जोइने एवी कल्पना करे छे के–मारी शोभावडे निस्तेज थइ गएलुं, भमराओना शब्दवडे जाणे आक्रन्द करतु, अने सदलं (पत्रसहित) परिवारथी युक्त छता पण शक्तिरहित एवु कमळ, पराभव थवाथी जळमां बुडी जवाने इच्छे छे आम धारीने शु आ भगवान्ना मुखमांनु नेत्र, विस्तार पामती शोभावाळु अने अतिशय हर्ष थवाथी प्रफुल्लित थयु छे ? हावी जे मुखमाना नेत्रने जोइने बहु बुद्धिमान् पुरुषो कल्पना करे छे ते भगवान्नु मुख तमारा शत्रुओनो नाश करो.

दंतपंक्तिनां किरणोवडे शोभतुं मुख, तमने हितकारक, अत्यन्त अने सत्य एवुं जे कंइ होय ते आपो अर्थात् तमने मोक्षसुख आपो.

(तात्पर्य—सूर्य तेजस्वी छतां पण पोताना प्रचण्ड किरणोवडे जे अज्ञानतारूपी अंधकारनो नाश करवा समर्थ थतो नथी ते अज्ञानतारूपी अंधकारनो नाश जे प्रभुनुं मुख करी शके छे ते मुख तमने सारुं, सुखकरनारुं, अने घणा काळपर्यंत रहे एवुं स्थायी मोक्षनुं सुख आपो.)

यस्य=जेनो.
स्यात्=होय.
अन्तरात्मा=जीव, अथवा अंदरनुं स्वरूप.
कलिलमलिनिमा=जेणे मलिनपणुं ग्रहण कर्युं छे एवो, मलिन.
चञ्चलः=चपल.
च=अने.
स्वभावात्=प्रकृतिथी.
तुल्यर्द्धिम्=समान समृद्धिवाळा.
स्पर्धया=हरिफाइवडे, हराववानी इच्छावडे
अन्यम्=बीजाने
भ्रमते=उलंघी जाय छे.
इति=नहीं (इव).
स=ते.
हि=कारणके.
इतीव=एटलामाटे जाणे.
धात्रा=ब्रह्माए.
व्यधायि=कर्यो.
मर्यादार्थम्=सीमानी व्यवस्थाने माटे, मर्यादाने माटे.
यदन्तर्निहितनयनयोः=जे मुखमां व्यवस्थित करेला नेत्रोने विषे
सेतुबन्धायमानः=पुल बांध्यो होय एवो पाळ करी होय एवो.
नासावंशः=नासिकादंडी दंड.
जिनानाम्=भगवान् तीर्थंकरनुं मुख.
दिशतु=आपो.
शम्=सुख.
अशनैः=सत्वर, शीघ्र.
शाश्वतम्=कायमनुं, स्थिर.
तत्=ते.
भवद्भ्यः=तमने (तमारे माट)

यस्य स्यादन्तरात्मा कलिलमलिनिमा चञ्चलश्च स्वभावा-
त्तुल्यर्द्धिं स्पर्धयाऽन्यं भ्रमत इति सहीतीव धात्रा व्यधायि ।
मर्यादार्थं यदन्तर्निहितनयनयोः सेतुबन्धायमानो
नासावंशो जिनानां दिशतु शमशनैः शाश्वतं तद्भवद्भ्यः ॥३॥

अर्थ- जेनो [illegible] मलिन अने स्वभावथी चपल होय ते [illegible] समान समृद्धिवाळा [illegible] [illegible] [illegible] मुख तमने [illegible]

(तात्पर्य—भगवान्‌ना अंदरथी काळा अने चंचळ बे नेत्रनी वच्चे नाक छे ते उपर कवि कल्पना करे छे के बेय नेत्रनो अंतरात्मा (अंदरनुं स्वरूप) मलिन (काळो छे) छे अने ते नेत्र स्वभावथी चपळ छे माटे ए बे परस्परनी समान संपत्तिने लीधे स्पर्धा करीने एक एकनुं उल्लंघन करी देशे, हावो विचार करीने मर्यादा साचववाने सारु जाणे ब्रह्माए नाकरूपे, ए बेनी वच्चे पुल बांधी दीधो छे हावां जेमां नेत्र छे ते भगवाननुं मुख, तमने सत्वर स्थिर सुख आपो. अर्थात् भगवान्‌ना जे मुखमां काळी कीकीवाळां अने चपळ नेत्र छे, तथा सेतु जेवुं रमणीय नाक छे ते मुख तमने कायमनुं सुख आपो.)

सोत्कण्ठाः=अभिलाषावाळी स्त्रीओ.
कण्ठपीठोल्लुठितजरठरुक्तारहाराभिरामाः=कंठमां आळोटता महादीप्तिवाळा उज्ज्वल हारवडे मनोहर जणाती.
बिभ्रत्यः=धारण करती.
अदभ्रमूर्तिस्तनभरम्=पुष्ट स्तनना भारने.
अबलाः=स्त्रीओ.
स्वर्भुवः=स्वर्गमां उत्पन्न थएली.
याः=जे.
समायुः=आवी हती.
ध्यानध्वंसं=ध्याननो नाश.
विधातुम्=करवाने.
विकृतिम्=विकारने.
अकृत=करी.
यत्=जे.
प्रत्युत=उलटुं रहयुं.
प्रेक्ष्यमाणम्=जोवातुं.
तासु=ते स्त्रीओने विषे.
एव=ज. (नक्की)
आस्यम्=मुख.
जिनस्य=तीर्थंकरनुं.
प्रणुदतु=नाश करो.
तत्=ते.
अघम्=पापने.
वः=तमारा.
स्वरूपश्रिया=पोताना रूपनी शोभावडे.
एव=ज (नक्की).

सोत्कण्ठाः कण्ठपीठोल्लुठितजरठरुक्तारहाराभिरामा
बिभ्रत्योऽदभ्रमूर्तिस्तनभरमबलाः स्वर्भुवो याः समायुः ।
ध्यानध्वंसं विधातुं विकृतिमकृत यत्प्रत्युत प्रेक्ष्यमाणं
तास्वेवास्यं जिनस्य प्रणुदतु तदघं वः स्वरूपश्रियैव ॥ ४ ॥

अर्थ—अभिलाषावाळी, कण्ठमां आळोटता महादीप्तिवाळा उज्ज्वल हारवडे मनोहर, म्होटां स्तनोना भारने धारण करनारी अने स्वर्गमां उत्पन्न थएली जे अप्सराओ, भगवान्‌ना ध्याननो नाश करवाने आवी ते अप्सराओमां रहयो जे मुखे जोतां वारमांज विकार उत्पन्न कर्यो ते भगवाननुं मुख, पोताना रूपनी शोभावडे तमारां पापनो नाश करो.

(तात्पर्य—भगवान्ना ध्याननो भंग करवाने परम रमणीय कान्तिवाळी जे देवांगनाओ आवी हती ते देवांगनाओने, रहामो भगवान्ना मुखे जोतावारमांज विकार उत्पन्न कर्यो एवुं अलौकिक सौंदर्यवाळुं भगवान्नुं मुख तमारा पापनो नाश करो.)

स्पष्टम्=व्यक्त-यथार्थ.
जुष्टम्=सेवाएलुं.
ललाटम्=कपाळ. भाल.
विकटतरम्=अतिशय विशाळ.
अतिस्निग्धलम्बाल-कान्तैः=अत्यंत चळकता अने लांबा केशना अंतभागवडे.
कान्तम्=रमणीय.
शान्तम्=भ्रुभंग विगेरे विकारथी रहित.
दृशाम्=दृष्टिने, नेत्रने.

दाम्=सुख.
दिशत्=आपतुं
अनुकुरुते=अनुकरण करेछे
दृश्यमानाङ्कपङ्कम्=जणातो अंकना चिह्नरूपी कादव जेमां छे एवा.
यस्य=जे मुखनु
उदयत्पार्वणाङ्कनशाकलम्=उगता पूर्णिमाना चन्द्रना खण्डनुं (अर्धचन्द्रनुं)
अलम्=अत्यन्त.

तत्=ते.
भवद्भाग्यपुष्टिम्=तमारा भाग्यनी पुष्टिने.
द्वेष्टुः=नाशकरनारा
दुष्टाष्टकर्मद्विपः=ज्ञानावरणीयविगेरे दुष्ट एवा आठ प्रकारना कर्मरूपी शत्रुनो
उपचिनुतात्=संग्रह करो.
आस्यम्=मुख.
अस्यत्=नाश करतुं.
तमांसि=मोहरूप अंधकारने.

स्पष्टं जुष्टं ललाटं विकटतरमतिस्निग्धलम्बालकान्तैः
कान्तं शान्तं दृशां यं दिशदनुकुरुते दृश्यमानाङ्कपङ्कम् ।
यस्योदयत्पार्वणाङ्कनशकलमलं तत्त्वद्भाग्यपुष्टिं
द्वेष्टुर्दुष्टाष्टकर्मद्विप उपचिनुतादास्यमस्यत्तमांसि ॥ ५ ॥

अर्थ—जे मुखमानुं ललाट-(कपाळ) व्यक्त, अतिशय विशाळ, बहु चळकता अने लांबा केशना अन्त्यभागवडे सेवाएलुं, रमणीय, अने नेत्रने सुख आपनार होवाथी जेमां कलंकरूपी कादव छे एवा उगता पूर्णिमाना चन्द्रखण्डनुं अर्थात् अर्धचन्द्रनुं अनुकरण करेछे, ते ज्ञानावरणीय विगेरे आठ दुष्ट कर्मोरूपी शत्रुनो नाश करनारा भगवान्नुं मोहरूपी अंधकारनो नाश करनार मुख, तमारा भाग्यनी पुष्टिनो संग्रह करो.

(तात्पर्य— [illegible]

दर्पम्=गर्वने.
कन्दर्पशत्रोः=कामदेवरूपी शत्रुनो.
टस् इति=(कोइपण लाकडा जेवी वस्तु भांगतां जे अवाज थायछे ते.) टप् लेइने.
भगवता=भगवाने.
भ्रंशयित्वा=दूर करीने.
यत्=जे.
आप्तम्=प्राप्तकर्युं–मेळव्युं
क्रोधात्=कोपथी.
द्वेधा विधाय=बे भाग करीने.

उद्धृतविततगुणम्=जेनी विस्तारवाळी दोरी कहाडी नाखी छे एवुं.
कार्मुकम्=धनुष् (कामठुं)
तत्=ते.
किम्=शुं
एतत्=आ.
आस्ते=छे.
न्यस्तम्=स्थापेलुं–जडेलुं.
लसद्भ्रूयुगलम्=शोभतुं भवांनु युग्म, शोभती बे भंमरो.
इति=एप्रमाणे

नृभिः=पुरुषोए.
भाव्यते=कल्पना करायछे.
यत्र=जे मुखने विषे.
वक्त्रम्=मुख.
तत्=ते.
द्रष्टुः=जोनारा.
विष्टपान्तर्गतनिखिलपदार्थान्=जगत्मां रहेला समग्र पदार्थोने.
अनर्थम्=दुःखने, आपत्तिने.
हतात्=हणो, नाश करो.
वः=तमारा.

दर्पं कन्दर्पशत्रोष्टसिति भगवता भ्रंशयित्वा यदाप्तं
क्रोधाद्द्वेधा विधायोद्धृतविततगुणं कार्मुकं तत्किमेतत् ।
आस्ते न्यस्तं लसद्भ्रूयुगलमिति नृभिर्भाव्यते यत्र वक्त्रं
तद्द्रष्टुर्विष्टपान्तर्गतनिखिलपदार्थाननर्थं हताद्वः ॥ ६ ॥

अर्थ—कामदेवरूपी शत्रुना गर्वनो नाश करीने मेळवेलुं, अने विस्तारवाळी तथा कहाडी नाखेली दोरीवाळुं जे एजु धनुष्, ते धनुष्ना बे भाग करीने मुखमां स्थापन करेला ते आ भ्रूयुग्म (बे भंमरो) रूपे छे के शुं ! एवी जे मुख उपरनी बे भमरोने जोइने लोको कल्पना करेछे, ते विश्वमां रहेला समस्त पदार्थोने जोनारा भगवान्नुं मुख, तमारा अनर्थनो नाश करो.

(तात्पर्य—धनुष्ना बे कडका करीने जडेला होय एवी भगवान्नां नेत्र उपर बे भंमरो जोइने कवि कल्पना करेछे के भगवाने कामदेवने जीतीने एनुं धनुष् लेइ लीधुं तेना बे भाग करीने ते जाणे बे भंमरोने स्थाने स्थापन कर्यां होय एवुं जे मुख उपरनां नेत्रनी भमरोने जोइने लोकोने लागेछे ते भगवान्नुं मुख तमारां दुःख दूर करो.

यत्कान्त्या=जे मुखनी कान्तिवडे.
त्याजितश्रीः=नाश थइ गएली शोभावाळो.
क्षितिपतिः इव=राजा नी पेठे.
सत्कोपपत्रोरुदण्डैः= सारो गर्भ, पत्र अने मोटो नाळ ए त्रणवडे, अथवा सारो भंडार, वाहन अने मोटुं सैन्य ए त्रणवडे.
आढ्योऽपि=परिपूर्ण छतां पण.
क्षीणदार्ढ्यः=जेनी दृढता क्षीण थइ गइ छे एवो.
वसति=रहेछे.
वनभुवि=वननी पृथ्वीमां.
व्रीडया=शरमवडे, लाजवडे.
इव=जाणे
अब्जखण्डः=कमळ समूह.
तत्=ते
मौनीन्द्रम्=मुनीन्द्रसंबंधि
विनिद्रम्=विकसित.
स्फुरदधरदलम्=जेमां अधररूपी दळ (पत्र) छे एवुं अथवा जेने अधर जेवां दळ (पत्र) छे एवु
कण्ठनालोपलीनम्= कण्ठरूपी नाळने विषे लग्न, अथवा कण्ठ जेवा नाळने विषे लग्न.
दृग्भृङ्गासङ्गि=नेत्ररूपी भ्रमरोनी साथे संबंधवाळु.
गुर्वी=म्होटी.
ग्लपयतु=विनाश करो.
विपदम्=विपत्तिने.
सन्मुखम्=सुन्दर मुख.
युष्मदीयाम्=तमारी.

यत्कान्त्या त्याजितश्रीः क्षितिपतिरिव सत्कोपपत्रोरुदण्डै-
राढ्योऽपि क्षीणदार्ढ्यो वसति वनभुवि व्रीडयेवाब्जखण्डः ।
तन्मौनीन्द्रं विनिद्रं स्फुरदधरदलं कण्ठनालोपलीनं
दृग्भृङ्गासङ्गि गुर्वीं ग्लपयतु विपदं सन्मुखं युष्मदीयाम् ॥ ७ ॥

अर्थ—सारो भण्डार, वाहन, अने विशाळ सैन्यवडे युक्त छतां पण जेनी दृढता क्षीण थइ गइ छे एवो अने अन्यनी कान्तिवडे जेनी लक्ष्मी नाश पामी छे एवो राजा जेम शरमाइने वनमां रहेछे तेम सारो कोष (गर्भ) पत्र अने विशाळ दण्ड ए त्रणवडे युक्त छतां पण दृढता रहित अने जे मुखनी कान्तिने लीधे शोभा रहित थएलो कमळसमूह लजवाइने वनभूमिमां निवास करे छे ते मुनींद्र एवा भगवाननु मुख, के जे प्रफुल्लित छे, अधर (ओठ) रूपी दल (पत्र) वडे शोभायु छे, कण्ठरूपी नाळनी साथे संबंधवाळु छे अने नेत्ररूपी भ्रमरोथी युक्त छे ते उत्तम मुख तमारी म्होटी विपत्तिनो नाश करो.

(तात्पर्य राजा जेम सत्कोपपत्रोरुदण्डैः-सारो भण्डार, वाहन, अ

म्होटा सैन्यवडे परिपूर्ण होय तो पण दृढता रहित, अने कोइ अन्यना वैभवनी अपेक्षाए पोताने सामान्य जेवो मानीने शरमाइने जेम वनमा जतो रहेछे तेम, कमलसमूह पण सत्कोपपत्रोरुदण्डैः-सारो कोष-गर्भभाग, पत्र, अने दण्ड-नाळ ए त्रणवडे युक्त छता भगवान्ना मुखनी कान्तिवडे शोभारहित अने दृढता हीन थइ जवाथी वनमा जइने रहेछे एवुं विकसित अधरदल (ओठरूपी पत्र) वडे शोभतुं, कण्ठरूपी नाळवाळु अने नेत्ररूपी भ्रमरोना सबन्धवाळु भगवान्नु सुन्दर मुख तमारी म्होटी विपत्तिनो नाश करो)

शान्तम्=शान्त.
श्वेतांशुशोचिःशुचिदशनम्=चन्द्रनी प्रभा जेवी जेमां निर्मल दन्तपंक्ति छे एवुं
अशम्=दुःखने.
स्यत्=नाश करनारु.
दृशाम्=दृष्टिओने.
दृश्यमानम्=जोवातुं (जोवा जेवुं)
विश्वक्लेशोपशान्तिम्=जगत्ना क्लेशनी शान्तिने.
दिशत्=आपतुं
अतिविशदश्लोकराशि=जेना यशनो समूह अत्यन्त उज्वल छे एवु.
प्रकाशम्=प्रसिद्ध.
निःशेषश्रीनिशान्तम्=समस्तलक्ष्मीनुं भवन-घर.
शरण=आश्रय, रक्षण.
अशरणे=निराधार प्राणिओने विषे
नाशिताशेषशङ्कम्=समग्र कुविकल्पोनो जेणे नाश कराव्यो छे एवुं.
दिश्यात्=आपो.
वः=तमने.
शोभिताशम्=जेणे दिशाओने अलङ्कृत करी छे एवुं.
शिवम्=कल्याण, सुख.
उपशमिनाम्=योगिओना.
ईशितुः=स्वामिनुं.
शश्वत्=निरन्तर.
आस्यम्=मुख.

शान्तं श्वेतांशुशोचिः शुचिदशनमशं सद्दृशां दृश्यमानं
विश्वक्लेशोपशान्तिं दिशदतिविशदश्लोकराशि प्रकाशम् ।
निःशेषश्रीनिशान्तं शरणमशरणे नाशिताशेषशङ्कं
दिश्याद्वः शोभिताशं शिवमुपशमिनामीशितुः शश्वदास्यम् ॥८॥

अर्थ—शान्त, चन्द्रनी प्रभा जेवी जेमा निर्मळ दन्तपङ्क्ति छे एवुं, दुःखनो नाश करनारुं, (प्राणिमात्रनी) दृष्टिओने जोवालायक, जगत्ना क्लेशने शान्त करनारुं, अत्यन्त उज्ज्वल यशना समूहवाळुं, प्रसिद्ध, समग्रप्रकारनी लक्ष्मीना निवासरूप, निराधारनुं रक्षण करनारुं, सर्वप्रकारना कुतर्कनो जेणे नाश कराव्यो छे एवुं, अने दिशाओने शोभाडनारुं एवुं योगिओना स्वामी श्री तीर्थपतिनुं मुख, तमने निरन्तर सुख आपो.

दुष्टारिष्टानि=क्रूर एवां अरिष्ट भयंकर अशुभ-चिह्नो, डाबी आंखनुं फरकवुं विगेरे.
दृष्टेऽपि=जोवे सते. जोतावारमां.
अकृतविकृतिकानि=जेणे कइ अनर्थ कर्यो नथी एवां.
एव=ज-नक्की.
निर्नामकानि=निर्मूळ.
क्षीयन्ते=क्षीण थइ जाय छे.
दक्षम्=शीघ्र.
अक्ष्णाम्=नेत्रोने.
प्रविकसनकृति=विकास करनार.
प्राणियूथस्य=प्राणिओना समूहना.
यत्र=जे मुखने विषे
नैशानि=रात्रिसंबंधिना.
इव=प्राणे.
अंशुमालिनि=सूर्यने विषे.
अलिकुलमलिनानि=भमराओना समूह जेवुं मलिन, काळुं.
अन्धकाराणि=अंधकार, अंधारुं.
बन्धोः=बंधुना.
ऊर्ध्वाधोमध्यलोकश्रितजनसमितेः=ऊंचे नीचे अने मध्यमां अर्थात् त्रिलोकमां रहेनारा जनसमुदायना.
आस्यम्=मुख.
अस्यतु=नाश करो.
अघम्=पापने.
तत्=ते.

दुष्टारिष्टानि दृष्टेऽप्यकृतविकृतिकान्येव निर्नामकानि
क्षीयन्ते दक्षमक्ष्णां प्रविकसनकृति प्राणियूथस्य यत्र ।
नैशानीवांशुमालिन्यलिकुलमलिनान्यन्धकाराणि बन्धो-
रूर्ध्वाधोमध्यलोकश्रितजनसमिते रास्यमस्यत्वघं तत् ॥ ९ ॥

अर्थ—जेम सूर्यने जोतावारमां भ्रमर समूहना जेवुं मलिन रात्रिनुं तिमिर (अंधारुं) नष्ट थइ जाय छे, तेम प्राणिओना समुदायना नेत्रोने प्रफुल्लित करनारा जे मुखने जोतावारमा, डाबी आंखना फरकवा विगेरे भयंकर अशुभ चिह्नो, कइ पण विकार (अनर्थ) कर्या विना जडमूळ माथी सत्वर क्षीण थइ जायछे ते स्वर्गलोकमा, पाताळमा, अने मध्य लोकमा अर्थात त्रिलोकमा रहेनारा जनसमूहना बधु भगवाननु मु तमारा पापनो नाश करो.

(तात्पर्य—जेम सूर्यना दर्शन थवाथी घोर अंधार नष्ट थायछे, ते त्रिभुवन[illegible] मुखना दर्शन थवाथी पण अनेक अशुभ चिह्नो निर्मूळ थइ ज यछे ते [illegible] तमारा पापनो क्षय करो)

व्यालम्बालोलनीलालकजलदयुजः=लांबा, चंचल, अने काळा केशरूपी मेघना संबंधवाळा, अथवा लथाएला, चपळ अने काळा केश जेवा मेघथी युक्त.
राजमानात्=शोभता
हिमानीशुभ्रैः=हिम समूह जेवा उज्वल.
दन्तैः=दांतवडे, अथवा आगळ नीकळेला पर्वतना एक देशवडे.
सदन्तैः=सारा अंतभागवडे
वरविवरभृतः=साराछिद्रवाळा, अथवा सारी गुहाओवाळा.
प्रस्फुरद्गण्डशैलात्=जेमां गण्डस्थलरूपी पर्वतो शोभी रह्या छे एवा अथवा जेमां म्होटा पाषाण शोभेछे एवा.
यस्मात्=जेमांथी
गौः=वाणी.
शुद्धवर्णा=निर्मल अक्षरोवाळी, अथवा उज्वल वर्णवाळी.
प्रभवति=उत्पन्न थायछे.
सुमनोमानसम्=साधुओना अथवा देवोना मनने.
नन्दयन्ती=प्रसन्न करती.
तत्=ते.
जैनेन्द्रम्=भगवान्नुं.
हिमाद्रेरिव=हिमालयनी पेठे.
दिविजनदी=गंगा.
वः=तमारा.
नुदतु=प्रेरो–नाश करो.
आस्यम्=मुख.
एनः=पापने.

व्यालम्बालोलनीलालकजलदयुजो राजमानाद्धिमानी-
शुभ्रैर्दन्तैः सदन्तैर्वरविवरभृतः प्रस्फुरद्गण्डशैलात् ।
यस्माद्गौः शुद्धवर्णा प्रभवति सुमनोमानसं नन्दयन्ती
तज्जैनेन्द्रं हिमाद्रेरिव दिविजनदी वो नुदत्वास्यमेनः ॥ १० ॥

अर्थ—लांबा, चपळ, अने काळा केशना जेवा मेघनो जेने संबंधछे एवा, सारा पर्यन्त वाळा, अने हिमसमूह जेवा उज्ज्वल आगळ नीकळेला पर्वतना एक देशोवडे अर्थात् आगळ पडता केटलाक नाना पर्वतो वडे शोभता, जेमां सारी गुहाओछे एवा, अने जेमां म्होटा पाषाणो शोभेछे एवा हिमालयपर्वतमांथी जेम उज्ज्वल वर्णवाळी अने देवोना मनने प्रसन्न करती गंगा नीकळेछे—जन्म पामेछे. तेम लांबा चपळ अने काळा केशरूपी मेघना संबंध वाळा, हिम समूह जेवा उज्ज्वल अने सारा अंतभागवाळा दंतवडे शोभता, उत्तम अन्तराल (मुखमांनो पोलो भाग) वाळा अने गण्डस्थलरूपी पर्वतो जेमां शोभेछे एवा जे मुखमांथी शुद्ध अक्षरोवाळी अने साधुओना अन्तःकरणने आनन्द आपनारी

वाणी नीकळे छे ते भगवान्नुं मुख, तमारां पापने विक्षिप्त करो. अर्थात् तमारां पाप नाश करो.

(तात्पर्य—जेम हिमालयमांथी गंगा नीकळे छे तेम जे मुखमांथी वाणी नीकळे छे ते मुख, तमारा पापनो नाश करो. आ श्लोकमां हिमालयनां अने मुखनां विशेषणो एक होवा छतां अर्थमां कंइक फेर छे, तेम ज गंगाजीनां अने वाणीनां पण विशेषणो समान होवा छतां कंइक भिन्न अर्थवाळां छे.)

दुर्बोधः=दुःखे करीने प्राप्त थाय एवो.
दुर्विधैः=भाग्यहीन पुरुषोवडे.
प्रवररदमणीन्=श्रेष्ठ दंतरूपी मणिओने.
धारयन्=धारण करतो.
मध्यसंस्थान्=मध्यमां रहेला.
अस्तश्रेष्ठौष्ठमुद्रः=जेनी उपरथी ओठरूपी मुद्रा दूर करी छे एवो.
व्यसनशतदमप्रत्यलावाप्तिः=जेनी प्राप्ति सेंकडो दुःखने शमाववाने समर्थ छे एवो.
उग्रैः=अत्यन्त
सुप्रापः=सुखपूर्वक प्राप्त थाय एवो.
प्रायशः=घणुं करीने.
अस्मिन्=आ (जगत्मां)
जिनवदननिधिः=तीर्थंकरना मुखरूपी निधि-निधान.
बुद्धतत्त्वैः=जेणे तत्त्व जाण्युं छे एवा
सुतत्त्वैः=सारा तत्त्ववाळा.
तत्त्वार्थम्=जीवादिना स्वरूपने.
सत्वरम्=शीघ्र.
वः=तमने.
त्वरयतु=उत्साहवाळा करो.
सः=ते.
गुरुः=म्होटो.
बोद्धुम्=जाणवाने.
अध्यामरूपम्=बहुस्पष्ट प्रकटतर.

दुर्बोधो दुर्विधैः प्रवररदमणीन् धारयन् मध्यसंस्था-
नस्तश्रेष्ठौष्ठमुद्रो व्यसनशतदमप्रत्यलावाप्तिरुग्रैः ।
सुप्रापः प्रायशोऽस्मिञ्जिनवदननिधिर्बुद्धतत्त्वैः सुतत्त्वै-
स्तत्त्वार्थं सत्वरं वस्त्वरयतु स गुरुर्बोद्धुमध्यामरूपम् ॥ ११ ॥

अर्थ—भाग्यहीन पुरुषोने दुःखे करीने प्राप्त थाय एवो, मध्यभागमां रहेला श्रेष्ठ दांतरूपी मणिओने धारण करनारो, जेनी उपरथी ओठरूपी मुद्रा दूर थइ छे एवो, जेनी प्राप्ति सेंकडो संकटोने शमाववाने समर्थ छे, अने आ जगत्मां घणुंकरीने जेमणे तत्त्वने जाण्युं छे एवा सारा तत्त्वज्ञ साधुपुरुषोने सुखपूर्वक प्राप्त थनारो, एवो तीर्थंकरना मुखरूपी म्होटो

कमलो हर्षी बरसना करे छे ते गुण तमारा मोटा विषम व्याधिओनो नाश करो अने क्षेम करीने तमने प्रसन्न करो.)

श्रीमत्=शोभावाळुं.
पौरन्दरम्=इन्द्रसंबंधी.
दृग्मलिनघनवनम्=नेत्र कमलरूपी सघन वनने.
वानम्=करमाएलुं, म्लान.
अपि=पण.
अन्यदीप्ति=अपूर्वदीप्तिवाळुं.
प्रत्यक्षत्वेक्षणेन=साक्षात् दर्शनवडे.
श्रवणपरिकरः=कानवडे युक्त अथवा श्रवण नक्षत्रवडे युक्त.
स्वातिरक्तः=सारी गतिमां आसक्त अथवा स्वातिनामना नक्षत्रमां आसक्त.
बुधप्रीः=बुध-पंडितोने प्रसन्न करनार अथवा बुधनामना ग्रहने प्रसन्न करनार.
स्वाभिः=पोताना.
यः=जे.
दीधितीभिः=किरणोवडे.
कुरुते=करेछे.
इतितराम्=सारीरीते (अतिशयेन)
आचरन् अपि=आचरता छतां पण.
अचण्डः=उग्र नहीं ते शान्त.
चण्डांशो=सूर्यनुं.
कर्म=काम, क्रिया.
धर्माधिपलपनविधुः=धर्मना अधिपति भगवान्ना मुखरूपी चन्द्र.
वः=तमारा.
विरुद्धम्=निंदवा योग्य जे होय तेने.
सः=ते.
वध्यात्=हणो, नाशकरो.

श्रीमत्पौरन्दरं दृग्मलिनघनवनं वानमप्यन्यदीप्ति
प्रत्यक्षत्वेक्षणेन श्रवणपरिकरः स्वातिरक्तो बुधप्रीः ।
स्वाभिर्यो दीधितीभिः कुरुत इतितरामाचरन्नप्यचण्ड-
श्चण्डांशोः कर्म धर्माधिपलपनविधुर्वो विरुद्धं स वध्यात् ॥१५॥

अर्थ—श्रवणपरिकरः–श्रवणनक्षत्रनी साथे संबंधवाळा, स्वातिरक्तः–स्वाति नामना नक्षत्रमां आसक्त, अने बुधप्रीः–बुध नामना ग्रहने प्रसन्न करनारा एवा चन्द्रना जेवो, श्रवणपरिकरः–कानना संबंधवाळो अर्थात् जेमां कान छे एवो, स्वातिरक्तः–सारी गतिवाळाने विषे आसक्त अने बुधप्रीः–पंडितोने प्रसन्न करनार एवो, धर्मना अधिपति भगवान् तीर्थंकरना मुखरूपी चन्द्र, इन्द्रना करमाएला नेत्ररूपी कमळोना सघन

---

१ श्रवणौ कर्णौ परिकरः परिवारो यस्य सः, श्रवण नक्षत्रं परिवारो यस्य स वा श्रवणपरिकरः २ शोभना आतिर्गतिर्यस्य स तस्मिन् रक्तः, अथवा स्वाति नक्षत्रे रक्तः वा स्वात्या शोभनगत्या रक्तः स्वातिरक्तः ३ बुधान् पंडितान् प्रीणाति वा बुध बुधग्रहं । प्रीणाति बुधप्रीः.

वडे र्दपूर्ण व्याप्त, अने जेमां भारी पांखोवाळा भमरो छे एवुं वन जेम (ग्रीष्म कालने लीधे) विषमगतिवाळा सूर्यनो ताप शमावेछे. तेम जेमां सारा शब्द भरेला छे एवुं, केशसहित, परितापनो नाशकरे एवी शीतळ शोभावाळुं, दंतपंक्तिवडे परिपूर्ण व्याप्त, अने जेमां सारा ओठ अने ललाट छे एवुं, कामदेवथी नहि पीडाएला मुनिवृन्दना अग्रगण्य भगवान् तीर्थपतिना कण्ठ ऊपर रहेलुं मुख, विषम परिणामवाळा तमारा पापना मोटा संतापनो नाश करो.

(तात्पर्य—कानन-वन, जेम सूर्यना तापनो नाश करेछे तेम भगवाननुं आनन-मुख तमारा पापना संतापनो नाश करो. आ श्लोकमां सद्वाणसालकान्तम्, शिशिरघनतरच्छायम्, अस्तद्विजानां राज्यापूर्णम्, सद्दन्तच्छदलस-दलिकम्. ए विशेषणो भगवान्ना मुखने अने वनने बेयने लागेछे तेना जे भिन्न भिन्न अर्थ थायछे ते ऊपर दर्शाव्याछे)

यद्यपि=जोके.
अन्तर्=अंदर.
=नहीं.
दत्ते=आपेछे.
स्थितिम्=स्थान.
अयम्=आ.
अमदः=मदविनानो.
नः=अमने.
तथापि=तो पण.
एष=आ.
सेव्यः=सेववायोग्य
भव्यत्वात्=योग्य हो-
वाथी.

सर्वदा=निरन्तर.
उर्व्याम्=पृथ्वीमां.
बहिरपि=बहार पण.
निरतैः=रहेला.
पूर्वपूतेः=पूर्वना संबं-
धथी.
इतीव=एटला माटे जाणे.
लग्नः=चोंट्योछे, लाग्योछे
गरीयसि=मोटा-श्रेष्ठ.
अधरवरमणौ=ओठरू-
पी श्रेष्ठ मणिने विषे.
यत्र=जे मुखमां.

चित्रातिचण्डत्रासा-
त्=विचित्र अने अत्यंत
क्रूर जेनो त्रास छे एवा.
संसारतः=संसारथी.
द्राग्=शीघ्र.
मृतिजननतुदः=मरण
अने जन्मनो नाश क-
रनारा तीर्थपतिनुं.
त्रायतां=रक्षण करो.
वः=तमारुं.
तत्=ते.
आस्यम्=मुख.

यद्यप्यन्तर्न दत्ते स्थितिमयममदो नस्तथाप्येष सेव्यो
भव्यत्वात्सर्वदोर्व्यां बहिरपि निरतैः पूर्वपूतेरितीव ।
लग्नो रागो गरीयस्यधरवरमणौ यत्र चित्रातिचण्ड-
त्रासात्संसारतो द्राङ्मृतिजननतुदस्त्रायतां वस्तदास्यम् ॥ १७

अर्थ — [illegible] भगवान जो के अंतरमां [illegible] आरता नहीं, तथापि [illegible] होवाथी, बाहेर रहीने पण आसने पूर्वना [illegible] आवीने आवे जे मुखमांना उत्तम [illegible] अथवा कविनो मानमहिमा [illegible] नाश करनारा तीर्थपतिनुं मुख, तमारे [illegible] रक्षण करो.

(तात्पर्य — [illegible] अने ओठ सराग (रक्ता) वाळा छे [illegible] आ प्रभु आपणने पोतना हृदयमां [illegible] योग्य होवाथी, आने तो आमां [illegible] बाहेर रहिने पण एमनुं सेवन करवुं [illegible] भगवानना मुखना ओठमां जइने रह्यो, जे मुखना ओठ उपर [illegible] प्रभुनुं मुख, तमने, [illegible] अने विविध त्रास आपनारा संसारथी बचावो अर्थात् जेमनुं हृदय वीतराग—प्रद्वेषरहित छे अने ओठ सराग—रक्तावाळा छे ते तीर्थपतिनुं मुख दु[illegible] संसारथी तमारुं रक्षण करो.)

दैवात्=दैवयोगथी.
मालिन्ययोगेऽपि=कलकनो अथवा मलिनतानो संबंध थया छता पण.
अतिचपलतया=बहु चञ्चलताथी.
यः=जे.
अवदातानुयातः=शुद्धहृदयवाळाओना संबंधवाळो.
पार्श्वस्थारक्तवर्णः=जेना सहवासमां प्रेमाळ ब्राह्मणादि वर्ण छे एवो, अथवा जेनी बाजुए रक्तवर्ण छे एवो.
भवति=थायछे
स=ते
लभते=पामेछे.
भूरिशोभाम्=घणी शोभाने
सुवृत्तः=सारा आचरणवाळो अथवा सारो गोळ.
स्थैर्यम्=स्थिरताने.
लब्ध्वा=पामीने.
समाधौ=ध्यानने विषे
ध्रुवत् इव=कहेतुं होय एम.
युगलम्=युग्म-जोडुं.
तारयोः=बे कीकीओनुं.
लोचनान्तर्=नेत्रने विषे.
यत्र=जे मुखने विषे.
एवम्=एप्रमाणे.
राजते=शोभेछे.
तत्=ते.
मुखम्=मुख.
उपशमयतु=शमावो—नाशकरो.
आर्हतम्=अर्हत संबंधिनुं
गर्हितम्=पापने.
वः=तमारा.

दैवान्मालिन्ययोगेऽप्यतिचपलतया योऽवदातानुयातः
पार्श्वस्थारक्तवर्णो भवति स लभते भूरिशोभां सुवृत्तः ।

स्थैर्यं लब्ध्वा समाधौ मुखदिव युगलं तारयोर्लोचनान्त-
र्यैवं राजते तन्मुखमुपशमपरत्वार्हतं गर्हितं यः ॥ १८ ॥

अर्थ—दैवयोगथी कलंकनो अथवा मलिनतानो संबंध थया छतां पण जेने शुद्ध हृदयवाळाओनो संबंध छे, अने जेना सहवासमां प्रेमवाळा ब्राह्मण विगेरे छे, ते सारा आचरणवाळो होइने घणी शोभा पामेछे. ए प्रमाणे जे मुखमांना नेत्रनी कीकीओनुं युग्म समाधिमां स्थिरता पामीने जाणे कहेतुं न होय एम शोभे छे. ते तीर्थपतिनुं मुख तमारा पापने शमावो.

(तात्पर्य—उज्ज्वल, खुणाना भागमां रताशवाळो अने सारा आकारना जेमां नेत्र छे एवुं भगवाननुं मुख तमारा पापनो नाश करो. आ आशयने कविए उपर कही एवी युक्तिथी गोठव्यो छे. अवदातानुयातः, पार्श्वस्थारक्तवर्णः, अने सुवृत्तः ए त्रण विशेषणो नेत्रने अने कोइ पण सामान्य प्रसंगने बंध बेसता छे. नेत्र, काळी, धोळी अने धरळ होयछे. पण समाधिमां ते स्थिर, खुणाना भागमां राता, अने उज्ज्वल जणायछे ते उपर कविए आ कल्पना करी छे.

वाहुश्रुत्यम्=बहुश्रुतपणाने.
दधद्भिः=धारण करनाराओए.
बहुधवलगुणः=बहु निर्मल गुणवाळो.
संगतः=संगतिवाळो.
गीयते=कहेवायछे.
यत्=जे.
स्यात्=होय.
अर्थानर्थदर्शी=विवेकी. सार अने असारने जोनारो.
इति=एप्रमाणे.
अवितथम्=सत्य.
इव=पेठे.
तत्=ते.
कर्तुम्=करवाने.
आलक्ष्यते=जणायछे.
अक्ष्णोः=नेत्रनु
कर्णाभ्यर्णोपसर्पि कानी पास जनारु डिमयम युग्म.
उपवहत् धारण करतु
द्राघिमाणम्=अतिशय दीर्घताने.
यदीयम्=जेमनुं.
योगीशस्य=योगिओना स्वामी तीर्थपतिनुं.
आननम्=मुख.
तत्=ते
शकलयतु=खंडन करो
कलाम्=अंशने, भागने
कादमलीम्-पापना.
हेलया लीलामात्रमां
वः=तमारा

वाहुश्रुत्यं दधद्भिर्बहुधवलगुणः संगतो गीयते य-
त्स्यादर्थानर्थदर्शीत्यवितथमिव तत्कर्तुमालक्ष्यतेऽक्ष्णोः ।
कर्णाभ्यर्णोपसर्पि डिमयमुपवहद्द्राघिमाणं यदीयं
योगीशस्याननं तच्छकलयतु कलां कादमलीं हेलया ॥ १९ ॥

अर्थ—निर्मद एवा आ भगवान् जो के अंतरमां स्थान आपता नथी, तथापि पृथिवीमां एज योग्य होवाथी; बाहेर रहीने पण आपणे पूर्वना संबंधने लीधे निरंतर सेववायोग्य छे. एम धारीने जाणे जे मुखमांना उत्तम ओठरूपी श्रेष्ठ मणिने विषे, राग–अरुणता अथवा कविनो मानसविकार चोट्योछे–रह्योछे ते जन्ममरणनो नाश करनारा तीर्थपतिनुं मुख, तमारुं विचित्र अने अत्यंतक्रूर त्रासवाळा संसारथी रक्षण करो.

(*तात्पर्य—भगवान्नुं हृदय रागरहित छे अने ओठ राग (रताश) वाळा छे* ते उपर कवि कल्पना करे छे के–जाणे रागे एम धार्युं के आ प्रभु आपणने पोताना हृदयमा रहेवा देता नथी, पण पूर्वना संबंधने लीधे अने ए एवा योग्य होवाथी, आपणे तो आखी पृथ्वीमा सर्वदा ए ज सेववा योग्य छे माटे बाहेर रहिने पण एमनुं सेवन करवुं. आम धारीने ए **राग** भगवान्ना मुखना ओठमां जइने रह्यो, जे मुखना ओठ उपर ए राग रह्यो छे ते प्रभुनुं मुख, तमने, क्रूर अने विचित्र त्रास आपनारा संसारथी बचावो. अर्थात् जेमनुं हृदय **वीतराग**–स्नेहरहित छे अने ओठ **सराग**–रताशवाळा छे ते तीर्थपतिनुं मुख दु खकारक समारथी तमारुं रक्षण करो.)

दैवात्=दैवयोगथी.
मालिन्ययोगेऽपि=कलंकनो अथवा मलिनतानो संबंध थया छतां पण.
अतिचपलतया=बहु चञ्चलताथी.
यः=जे.
अवदातानुयातः=शुद्धहृदयवाळाओना संबंधवाळो.
पार्श्वस्थारक्तवर्णः=जेना सहवासमां प्रेमाळ ब्राह्मणादि वर्ण छे एवो, अथवा जेनी बाजुए रक्तवर्ण छे एवो.
भवति=थायछे
स=ते.
लभते=पामेछे.
भूरिशोभाम्=घणी शोभाने.
सुवृत्तः=सारां आचरणवाळो अथवा सारो गोळ.
स्थैर्यम्=स्थिरताने.
लब्ध्वा=पामीने.
समाधौ=ध्यानने विषे.
भुवत् इव=कहेतुं होय एम.
युगलम्=युग्म–जोडुं.
तारयोः=बे कीकीओनुं.
लोचनान्तर्=नेत्रने विषे.
यत्र=जे मुखने विषे.
एवम्=एप्रमाणे.
राजते=शोभेछे.
तत्=ते.
मुखम्=मुख.
उपशमयतु=शमावो–नाशकरो.
आर्हतम्=अर्हत् संबंधिनुं.
गर्हितम्=पापने.
वः=तमारा.

दैवान्मालिन्ययोगेऽप्यतिचपलतया योऽवदातानुयातः
पार्श्वस्थारक्तवर्णो भवति स लभते भूरिशोभां सुवृत्तः ।

अर्थ—बहुश्रुतपणाने धारण करनाराओनी साथे बहु निर्मल गुणवाळो (पुरुष) जो संगति करे तो ते सार अने असारने जाणनारो विवेकी कहेवाय छे, ए वातने जाणे सत्य करवाने, अत्यंत दीर्घताने धारण करतुं जे मुखमांना नेत्रनुं युग्म, काननी पासे जतुं होय एम जणायछे ते योगीओना स्वामी तीर्थपतिनुं मुख, तमारा पापना भागनो लीलामात्रमां नाश करो.

(तात्पर्य—भगवान्नां नेत्रनुं युग्म कर्णपर्यन्त दीर्घ अने अत्यंत उज्ज्वल छे ते उपर कवि कल्पना करे छे के-बहुश्रुत एटले जेणे घणुं सांभळ्युं छे एवा घणी वातोने अथवा बहु विषयोने सांभळीने बहुश्रुत थएला पुरुषनी साथे, निर्मल गुणवाळो पुरुष जो मित्रता करे तो ते विवेकी (सारासारने जाणनारो) थाय छे. आ वातने अनुभवथी साची करवाने माटे ज जाणे भगवान्नां नेत्रनुं युग्म, कर्णनी समीप गयुं होय एम जणायछे, कारणके कर्ण (कान) बहुश्रुतपणाने धारण करनारा छे, बहु सांभळनारा छे, अने नेत्र बहु उज्ज्वल छे. एटले बहु उज्ज्वल नेत्र, उपरनी वात सिद्ध करवाने कर्णने बहुश्रुत धारीने तेनी पासे गया छे. अर्थात् उज्ज्वल अने कर्णपर्यन्त पहोचेलां दीर्घ नेत्रवाळुं भगवाननुं मुख तमारा पापना अंशनुं सहज खंडन करो.)

राजीव=कमळ.	क्षीयमाण=क्षीणथतो.	शब्दथी, गुंजारवथी.
त्वं=तुं.	त्वमपि=तुं पण.	यत्=जे मुख.
निजश्रियां=पोतानी शोभावडे.	किल=नक्की.	वक्ति=कहेछे.
जयसि=जय पामेछे.	मया=मारी साथे.	इव=जाणे.
बहुरजः=घणा परागवाळुं अथवा घणा रजोगुणवाळुं.	स्पर्धसे=स्पर्धा करेछे.	व्यक्तम्=स्पष्ट.
सत्=छतां.	साधम्=साथे.	अक्तान्=लेपाएलाओने.
कथम्=केम.	एवम्=एप्रमाणे.	क्षपयतु=स्नान करावो.
कथ्यताम्=कहे.	सद्गन्धश्वासलुब्ध=सारा गंधवाळा श्वासमां लोभाएला.	रजसा=धूळवडे. रजोगुणवडे.
माम्=मने.	भ्रमदलिपटलप्रोच्छल-द्भाणतः=भमता भमरसमूहना उछळता	यः=तमने.
मृगेन्द्रा=चन्द्र.		तत्=ते.
		अर्हन्मुखाब्जम्=तीर्थंकरनुं मुखकमळ.

राजीव त्वं निजश्रियां जयसि बहुरजः सत्कथं कथ्यतां मा-

मृक्षेश क्षीयमाणस्त्वमपि किल मया स्पर्धसे सार्धमेवम् ।

सद्गन्धश्वासलुब्धभ्रमदलिपटलप्रोच्छलद्राणतो य-
द्वक्तीव व्यक्तमक्तान्स्नपयतु रजसा वस्तदर्हन्मुखाब्जम् ॥२०॥

अर्थ—सारा गंधवाळा श्वासथी लोभाएलां भमतां भमराओनां टोळांना शब्दद्वारा जे तीर्थपतिनुं मुखकमल कहेछे के-हे कमळ ! तुं बहुरजः-घणी धूळवाळुं अथवा घणा परागवाळुं छे ते छतां सारी शोभावडे तुं मने शी रीते जीतेछे कहे ! अने हे चन्द्र ! तुं पण क्षीणता पाम्या करे छे ते छतां म्हारी साथे शी रीते स्पर्धा (हरीफाइ) करे छे ! आ प्रमाणे जे मुखकमळ, कमळने अने चन्द्रने कहेछे अर्थात् बहु मकरन्दवाळा कमळ करतां अने चन्द्र करतां जे मुख विशेष रम्य छे ते प्रभुनुं मुखकमळ रजोगुणवडे अथवा धूळवडे लेपाएला तमने स्नान करावो-शुद्ध करो.

यत्सौम्यत्वात्=जे मु-खनी सुन्दरताथी.
स्वकीयाम्=पोतानी.
शारदमृतरसाम्=जेमो-थी अमृतनो रस टप-कया करेछे एवी.
सौम्यताम्=शान्तताने, सुंदरताने.
न्यूनवृत्तिम्=थोडी, थोडी, न्यून.
व्यालोक्य=जोइने.
आलोकिताशाः=जेणे दिशाओ जोइ छे एवो, अथवा जेणे दिशाओने प्रकाशित करी छे एवो
कृशतनुः=दुर्बल, जेनुं शुष्क शरीर छे एवो.
अविशत्=पेठो, पस्यो.
स्वश्रियः=पोतानी लक्ष्मी-ने.
अन्तर्दिदृक्षुः=जोवा-वाने इच्छतो.
सः=ते.
व्रीडत्वात्=शरमाएलो होवाथी, कळवाएलो होवाथी
इव=जाणे
इन्दुः=चन्द्र
गूढविकटजटाजूटरौ-द्राटवीम्=शंकरना जटाजूटरूपी भयंकर वनमां.
यः=तमने.
प्रदिशतु=आपो.
अच्छिन्नपाप्मघ्नम्=अ-भेद्य.
सुपमम्=क्षम.
हतवृत्तेः=जेनुं मरण थइ गयुं छे एवा तीर्थपतिनुं.
आननम्=मुख
तत् ने
मनोज्ञम्=मनोहर

यत्सौम्यत्वात् स्वकीयां शरदमृतरसां सौम्यतां न्यूनवृत्ति
व्यालोक्यालोकिताशः कृशतनुरविशत्स्वश्रियोऽन्तर्दिदृक्षुः ।
स व्रीडत्वादिवेन्दुर्गूढविकटजटाजूटरौद्राटवीं यो
पञ्चत्वञ्चिदवाच्यं सुषमजितपुरातनन तन्मनोज्ञम् ॥ २१ ॥

अर्थ—जेमांथी अमृतनो रस टपकया करे छे एवी पोतानी सुंदरताने, जे मुखनी सुंदरता करतां ओछी (थोडी) जोइने जेणे दिशाओनुं निरीक्षण करवा मांड्युं छे एवो अथवा दिशाओने प्रकाशित करनारो, दुर्बळ, अने पोतानी लक्ष्मीने शरमथी संताडवाने इच्छतो ते चन्द्र, जाणे शंकरना जटाजूटरूपी भयंकर वनमां पेठो छे, ते मृत्युने जीतनारा तीर्थपतिनुं मुख, तमने मननुं हरण करे एवुं जे कंइ उत्तम होय ते यथेच्छ आपो.

(तात्पर्य—जेम कोइ बलवान् मनुष्यथी जीतातो पुरुष दुर्बळ थइ जइने पोतानी जे कंइ पुंजी होय ते संताडी दे, अने पछी चोतरफ दृष्टि करीने कइ गम न पडवाथी अरण्यमां चाल्यो जाय, तेम भगवानना जे मुखनी रमणीयता करतां पोतानी रमणीयता न्यून जोइने दुर्बळ थइ गयेलो चन्द्र पण चारे दिशाओ तरफ दृष्टि करीने शंकरनी जटाना जूटरूपी भयंकर जंगलमां जाणे जतो रह्यो होय एम लागे छे ते मुख, तमने जे कइ प्रिय अने आकर्षक लागतुं होय ते यथेच्छ आपो)

लावण्यार्णःप्रपूर्णम्=सुंदरतारूपी जलवडे परिपूर्ण अथवा सुंदरतावाळा जलवडे परिपूर्ण.
चलदृगनिमिषम्=चंचळनेत्ररूपी जेमां मत्स्य छे एवुं, अथवा चपळ नेत्र जेवां जेमां मत्स्य छे एवुं
राजहंसोपजीव्यम्=राजाओरूपी हंसोने सेववायोग्य, अथवा राजहंसोने सेववायोग्य
भ्राम्यद्भ्रूयुग्मभङ्गम्=भमतां भवांरूपी जेमां तरङ्ग छे एवुं अथवा भमतां भवांना जेवां जेमां तरङ्ग छे एवुं
त्रिदशमुनिगणासेवनीयम्=देव अने मुनिओना समूहने सेववायोग्य
प्रसन्नम् निर्मल अथवा आनन्दवाळुं
सच्छदम् जेमां सारा शब्द (कपाळनुं एक अस्थि) छे एवुं, अथवा जेमां शब्द बनावनारा जीवविशेष छे एवुं.
मानसाह्वं सर इव=मानसरोवरनी पेठे.
तरसा=वेगवडे.
मानसम्य=मनना.
आतनोति=विस्तारे छे, करे छे
प्रह्लत्तिम्=परितोषने.
वाञ्छितम्=जोवाएलुं.
यत्=जे
तत्=ते
अरिविदलनये=शत्रुनो नाश करवा माटे
वः=तमारा.
शर्मीशास्यम्=तपस्विओना स्वामी तीर्थपतिनुं मुख.
अस्तु=हो

लावण्यार्णःप्रपूर्णं चलदृगनिमिषं राजहंसोपजीव्यं
भ्राम्यद्भ्रूयुग्मभङ्गं त्रिदशमुनिगणासेवनीयं प्रसन्नम् ।

सच्छृङ्गं मानमाद्रं सर इव तरसा मानसस्यातनोति
प्रहर्षं वीक्षितं यत्तदरिविहतये वः शमीशास्यमस्तु ॥ २२ ॥

अर्थ—जेम मानसरोवर, सुंदर जलवडे परिपूर्ण, नेत्रना जेवां चपळ मत्स्यवाळुं, राजहंसोने सेववालायक, भ्रुयुग्म (बे भवां) ना जेवा जेमां तरंग छे एवुं, देव अने मुनिओना समूहने सेववायोग्य, निर्मल, अने हंसने बनावनारा जेमां जीवछे एवुं छे. जेम भगवान्नुं जे मुख, सुन्दरतारूपी जलवडे परिपूर्ण, चपळ नेत्ररूपी जेमां मत्स्य छे एवुं, राजाओरूपी हंसोने आराधना करवा योग्य, कटाक्षयुक्त भ्रुयुगमरूपी तरंगोवाळुं, देव अने मुनिओना समुदायने सेववा लायक, आनन्दवाळुं अने हांसयुक्त (कपाळमांनुं एक अस्थि) होइ वेगवडे मनने जोता वारमां परितोष (संतोष) आपेछे, ते तपस्विओना स्वामी तीर्थपतिनुं मुख, तमारा शत्रुओना नाशने माटे हो. अर्थात् मानसरोवर जेम जोता वारमां मनने आनन्द आपेछे, तेम मानसरोवरना जेवुं भगवान्नुं जे मुख, जोतामात्रमां मनने संतुष्ट करे छे ते मुख तमारा शत्रुओनो नाश करो.

(आ श्लोकमां भगवान्ना मुखनां अने मानसरोवरनां समान विशेषणो छे तेना ज्यां जेवा योग्य छे तेवा अर्थ उपर दर्शाव्या छे.

सेवां कर्तुम्=सेवा करवाने.
किम् एतौ=शुं आवेला (बे).
मिहिरहिमरुची=सूर्य अने चन्द्र.
पार्श्वयोः=कपोलनी बेबाजुओने विषे
एतत्=आ.
आत्तस्पर्धालिप्सातुलाङ्कौ=ग्रहण करेली, पोतानी शोभाने पाछी लेवानी इच्छाने लीधे सभरापूर्ण.
इति=एप्रमाणे.
मनसि=मनमां.
सतां=सत्पुरुषोना.
शेमुषी=बुद्धि
प्रादुरस्ति=उत्पन्न थायछे.
निर्णये=मोहने
आशालीर्दासिमतिदलतमसां=विस्तृतप्रभावडे जेणे अंधकारनो नाश कर्यो छे एवा.
कुण्डले=बे कुण्डलो.
गण्डस्थले=गण्डस्थळ उपर शोभता.
यत्=जे.
सत्कर्णोपिनद्धे=सारा कर्ण उपर धारण करेला.
भवतु=प्राप्तकरावो.
शिवपदम्=मोक्ष.
तत्=ते.
मुनीन्द्राननम्=मुनीन्द्रनुं मुख.
वः=तमने

सन्द्रं मानसाद्रं सर इव सरसा मानसस्यातनोति
प्रहर्षि पीक्षितं यत्पदारविंदतयं वः शमीशास्तमस्तु ॥ २२ ॥

अर्थ—जेम मानसरोवर, सुंदर जळवडे परिपूर्ण, नेत्रना जेवां चपळ मत्स्यवाळु, राजहंसोने सेववालायक, भ्रूयुग्म (बे भवां) ना जेवा जेमां तरंग छे एवुं, देव अने मुनिओना समूहने सेववायोग्य, निर्मळ, अने शंखने धनावनारा जेमां जीव छे एवुं छे. तेम भगवान्नुं जे मुख, सुन्दरतारूपी जळवडे परिपूर्ण, चपळ नेत्ररूपी जेमां मत्स्य छे एवुं, राजाओरूपी हंसोने आराधना करवा योग्य, कटाक्षयुक्त भ्रूयुग्मरूपी तरंगोवाळुं, देव अने मुनिओना समुदायने सेववा लायक, आनन्दवाळुं अने शंखयुक्त (कपाळमांनुं एक अस्थि) होइ वेगवडे मनने जोता वारमां परितोष (संतोष) आपेछे, ते तपस्विओना स्वामी तीर्थपतिनुं मुख, तमारा शत्रुओना नाशने माटे हो. अर्थात् मानसरोवर जेम जोता वारमां मनने आनन्द आपेछे, तेम मानसरोवरना जेवुं भगवान्नुं जे मुख, जोतामात्रमां मनने संतुष्ट करे छे ते मुख तमारा शत्रुओनो नाश करो.

(आ श्लोकमां भगवान्ना मुखनां अने मानसरोवरनां समान विशेषणो छे तेना बन्ने जेवा योग्य छे तेवा अर्थ उपर दर्शाव्या छे.

तेषां कर्तुम्=सेवा करवाने	एवानी इच्छाने लीधे गभराएला	कुण्डले=बे कुण्डलो
किम् पर्ती—शु आवेला (बे)	इति—एप्रमाणे.	गण्डलग्ने=गण्डस्थळ उपर शोभता.
सिद्दिग्हिमदर्ची=सूर्य अने चन्द्र	मनसि=मनमां	यत्—जे
पार्श्वयो—कपोलना बेवा जुओने विष	सतां सत्पुरुषोना	सत्कर्णापिनद्धे=सारा कर्ण उपर धारण करेला.
एतम्—आ	शेमुषी बुद्धि	नयतु=प्राप्त करावो
आत्तस्वर्थालिप्सालु लाक्षो—ग्रहण करवा पोतानी शोभाने पाछी	प्रादुर्भूता=उत्पन्न थायछे	शिवपदम्=मोक्ष
	निर्वर्ण्य=जोइने	तत्—ते
